RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 332* Date: 29.09.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### પંજાબમાં રાજકારણ ગરમાયું : કેપ્ટન અમરેન્દિરસિંઘએ ટ્વીટ કર્યું

## પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ પદેથી નવજોત સિંહ સિદ્ધુએ રાજીનામું આપ્યું



ન્યુદિલ્હી, તા.૨૮

ભારત દેશમાં હાલ ચુંટણીઓ અને બદલીઓના ધમધોકાર ચાલુ છે એમાં રાજકીય પક્ષોમાં અદલા બદલીનો દોર તો ક્યાંય રાજીનામું આપી પક્ષપલ્ટો કરવાનું જોવા મળી રહ્યું છે એવામાં હાલ પંજાબ પર સૌની નજર કેન્દ્રિત છે એવામાં પંજાબમાં હાલ સીએમ બદલાયા ત્યારબાદ મંત્રીમંડળમાં ફેરફારો થયા અને અચાનક પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુએ રાજુનામુ આપતા અડકંપ મચ્યો છે લોકો એવું પણ કહે છે કે આ નવજોતસિંહ સિદ્ધુનું જ કારનામુ છે એ પંજાબ કોંગ્રેસમાં આવ્યો અને ત્યારબાદ આખી ઘટના બની સીએમે રાજીનામુ આપ્યું નવા સીએમ આવ્યા ત્યારબાદ મંત્રીમંડળ માં ફેરફારો થયા આમ સમગ્ર પંજાબનું કામ પૂર્ણ થતાં નવજોતસિંહ સિદ્ધુ દ્વારા કોંગ્રેસ અધ્યક્ષ પદથી રાજીનામું આપતા લોકોમાં તર્કવિતર્કો જાગ્યા. પંજાબ કોંગ્રેસમાં ફરી એક વખત હોબાળો થયો છે. નવજોત સિંહ સિદ્ધુએ પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપીને બધાને ચોંકાવી દીધા છે. મંગળવારે નવજોત સિંહ સિદ્ધુએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને તેમનું રાજીનામું આપી દીધું છે.

નવજોત સિંહ સિદ્ધુએ સોનિયા ગાંધીને મોકલેલી ચિઠ્ઠીમાં કહ્યું છે કે, કોઈ પણ વ્યક્તિના વ્યક્તિત્વમાં ઘટાડો સમજૂતીથી શરૂ થાય છે. હું પંજાબના ભવિષ્ય વિશે કોઈ સમજૂતી કરી શકુ એમ નથી. તેથી પંજાબમાં પ્રદેશ અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપું છું. નવજોત સિંહ સિદ્ધુનું રાજીનામું એટલે ચોંકાવનારુ છે, કારણકે કોંગ્રેસ હાઈકમાન્ડે જ તેમને પ્રદેશ અધ્યક્ષ તરીકે પસંદ કર્યા છે. તે સાથે જ તેમની સાથેના વિવાદના કારણે જ કેપ્ટન અમરિંદર સિંહે તેમનું પદ છોડ્યું હતું. કેપ્ટન અમરિંદર સિંહે પદ છોડ્યા પછી જ કોંગ્રેસ હાઈકમાન્ડે ચરણજીત સિંહ ચન્નીને મુખ્યમંત્રી બનાવ્યા હતા. પરંતુ તાજેતરમાં જે રીતે પંજાબમાં કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું તેનાથી નવજોત સિંહ સિદ્ધુ ખુશ નહતા.

ચરણજીત સિંહ ચન્ની મુખ્યમંત્રી બન્યા પછી જે પ્રમાણેની તસવીરો સામે આવી હતી તે વિશે પણ ઘણાં વિવાદ શરૂ થયા હતા. તેમાં નવજોત સિંહ સિદ્ધુ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીનો હાથ પકડેલો હતો. તેના કારણે કોંગ્રેસની અંદર આવા અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

## ભારત દ્વારા આકાશ મિસાઈલના નવા વર્ઝનનું થયું સફળ પરીક્ષણ

નવી દિલ્હી ,તા.૨૮

ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આકાશ પ્રાઈમ મિસાઈલના સફળ પરીક્ષણ માટે ફ્ઈર્ઈ, ભારતીય સેના, ભારતીય વાયુસેના, સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમો (DPSUs) અને ઉદ્યોગને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે સફળ ફ્લાઇટ પરીક્ષણ ડીઆરડીઓની વિશ્વ કક્ષાની મિસાઇલ સિસ્ટમ્સની ડિઝાઇન અને વિકાસમાં ક્ષમતાને સાબિત કરે છે.ભારતે મિસાઈલ ટેકનોલોજીના ક્ષેત્રમાં બીજી મહત્વની સફળતા મેળવી છે.

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) એ સોમવારે આકાશ મિસાઇલ 'આકાશ પ્રાઇમ'ના અદ્યતન પરીક્ષણ ઓડિશાના ચાંદીપુર રેન્જથી સફળ પરીક્ષણ કર્યું. આ પરીક્ષણ સાંજે ૪.૩૦ વાગ્યે હાથ ધરવામાં આવ્યું હતું અને માનવરહિત લક્ષ્યને ટ્રેક કરતી વખતે આકાશ મિસાઇલે તેનું લક્ષ્ય હવામાં પાર પાડ્યું હતું. ડીઆરડીઓએ આ અંગે એક નિવેદન બહાર પાડતા કહ્યું કે, 'આકાશ મિસાઇલનું નવું વેરિએન્ટ' આકાશ પ્રાઇમ 'ઓડિશાના ચાંદીપુર, ઇન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ (આઇટીઆર) થી પરીક્ષણ માટે લોન્ચ કરવામાં આવ્યું હતું. મિસાઇલે, અપગ્રેડ પછી તેના પ્રથમ ઉડાન પરીક્ષણમાં, દુશ્મન વિમાનોની નકલ કરતા માનવરહિત હવાઈ લક્ષ્યને ટાર્ગેટ કરી અને પછી તેને હવામાં જ નાશ કર્યો છે. આકાશ પ્રાઈમ મિસાઈલ સ્વદેશી સક્રિય આરએફ સીકરથી સજ્જ છે, જે તેના લક્ષ્ય શોધની ચોકસાઈ વધારે છે. હાલની આકાશી સિસ્ટમની સરખામણીમાં, આકાશ પ્રાઇમ વધુ સારી ચોકસાઈ માટે સ્વદેશી રીતે તૈયાર કરેલ રેડિયો ફ્રીક્વન્સી (આરએફ) સીકરથી સજ્જ છે. વધુમાં, તેઓ ઊંચાઈ પર નીચા તાપમાનના વાતાવરણમાં વધુ વિશ્વસનીય કામગીરીની ખાતરી કરે છે. સુધારેલ ગ્રાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ હાલની આકાશ હથિયાર પ્રણાલીમાં સુધારા પછી ફ્લાઇટ પરીક્ષણો માટે કરવામાં આવ્યો છે. ITR ના રેન્જ સ્ટેશનોમાં રડાર, ઇલેક્ટ્રો-ઓપ્ટિકલ ટ્રેકિંગ સિસ્ટમ (EOTS) અને ટેલિમેટ્રી સ્ટેશનોનો સમાવેશ થાય છે જે મિસાઇલ ટ્રેજેક્ટરીઝ અને ફ્લાઇટ પેરામીટર્સનું નિરીક્ષણ કરે છે.

## હવે જે તારીખે કર્મચારી નિવૃત થાય છે, તે દિવસથી ગ્રેચ્યુટીની થશે ગણતરી

નવી દિલ્હી ,તા.૨૮

કર્મચારીને તેના કુલ મહેનતાણાના આધારે ચૂકવણી કરવામાં આવશે. નોકરીમાં પૂર્ણ થયેલા ૬ મહિનાના કુલ મહેનતાણાનો ગ્રેચ્યુઈટી એક ચતુર્થાંશ હશે. આ મહત્તમ કુલ મહેનતાણાના ૧૬૧/૨ ગણા સુધી હોઈ શકે છે. અહીં કુલ મહેનતાણુંનો અર્થ થાય છે કે સરકારી કર્મચારીને નિવૃત્તિ પહેલા અથવા મૃત્યુના દિવસે કેટલી મૂળભૂત ચુકવણી મળતી હતી. જો કર્મચારીને ડોક્ટરની પોસ્ટ પર મૂકવામાં આવ્યો હતો, તો તેની મૂળ ચુકવણીમાં બિન-પ્રેક્ટિસ ભથ્થું પણ ઉમેરવામાં આવશે.કેન્દ્ર સરકારે તાજેતરમાં સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ (નેશનલ પેમેન્ટ સિસ્ટમ હેઠળ ગ્રેચ્યુઈટીની ચુકવણી) નિયમો, ૨૦૨૧ ની સૂચના આપી છે. આ તમારી ગ્રેચ્યુઈટી સાથે સંબંધિત કાયદો છે. ગ્રેચ્યુઈટી ચૂકવવાનો આ નિયમ કેન્દ્ર સરકારના કર્મચારીઓને લાગુ પડશે. આમાં સંરક્ષણ સેવા અને કેન્દ્ર માટે સિવિલ સર્વિસની પોસ્ટ પર નિયુક્ત નાગરિક સરકારી કર્મચારીઓનો પણ સમાવેશ થશે. જેઓ જાન્યુઆરી ૨૦૦૪ ના પહેલા દિવસે અથવા પછી નિમણૂક પામ્યા હોય તેમના માટે આ નિયમ લાગુ પડશે. ગેઝેટ નોટિફિકેશન અનુસાર, ગ્રેચ્યુઈટી માટે કરવામાં આવતા કોઈપણ દાવા નવા નિયમ મુજબ લાગુ થશે. આ માટે, તે જોવામાં આવશે કે શું સરકારી કર્મચારી નિવૃત્ત થઈ રહ્યો છે, અથવા નિવૃત્ત થયો છે, શું તેને છૂટા કરવામાં આવ્યો છે, શું તેને સેવામાંથી નિવૃત્ત થવા દેવામાં આવ્યો છે અથવા તેનું મૃત્યુ થયું છે. કર્મચારી સાથે ગમે તેવી પરિસ્થિતિ હોય તે મુજબ ગ્રેચ્યુઈટીનો દાવો કરવામાં આવશે. જે તારીખે સરકારી નોકરીયાત નિવૃત્ત થાય છે અથવા નિવૃત્ત થવાનો છે અથવા રજા આપવામાં આવે છે અથવા રાજીનામું આપવાની મંજૂરી આપવામાં આવી છે, તે દિવસ કર્મચારીનો છેલ્લો કાર્યકારી દિવસ ગણવામાં આવશે અને તે મુજબ ગ્રેચ્યુઈટીની ગણતરી કરવામાં આવશે. સરકારી કર્મચારીના મૃત્યુના દિવસે, ગ્રેચ્યુટીની ગણતરી તે દિવસને કાર્યકારી દિવસ તરીકે ગણવામાં આવશે. સરકારી કર્મચારીને તેની સેવાના ૫ વર્ષ પૂરા થશે ત્યારે જ નિવૃત્તિ ગ્રેચ્યુઈટી આપવામાં આવશે. આ સાથે, નીચે જણાવેલ શરતો પૂરી કરવી આવશ્યક છે.

## ડોક્ટરો મહિનાઓથી નીટની તૈયારી કરે છે અને તમે છેલ્લાં મહિનામાં પેટર્ન બદલી નાખો તો કેવી રીતે ચાલે? : સુપ્રીમ કોર્ટ



નવી દિલ્લી , તા.૨૮

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના વલણની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે કોઈ પાસે સત્તા છે એ કારણથી ગમે તેવા નિર્ણયો ન લઈ શકાય. આ યુવા ડોક્ટરોના ભવિષ્ય માટે બહુ જ મહત્વની બાબત છે. છેલ્લી ઘડીએ પરિવર્તન કરીને ડોક્ટરોને ભ્રમિત કરવામાં આવે તે યોગ્ય નથી. આ ડોક્ટરો મહિનાઓથી નીટની તૈયારી કરે છે અને તમે છેલ્લાં મહિનામાં પેટર્ન બદલી નાખો તો કેવી રીતે ચાલે? ઉલ્લેખનીય છે કે ૪૧ ડોક્ટરોએ નીટની પરીક્ષાની પેટર્ન બદલવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંક્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે જે પરીક્ષા નવેમ્બરમાં લેવાવાની હતી તે સંદર્ભમાં સરકારે જુલાઈમાં જાહેરાત કરી કે પેટર્ન બદલાશે. તે પછી છેક ૩૧મી ઓગસ્ટે પેટર્ન બદલાઈ તેની વિગતો જાહેર કરવામાં આવી. કેવી રીતે પરીક્ષા લેવાશે તેની માહિતી પરીક્ષાના બે જ માસ પહેલાં અપાઈ હોવાથી તે યોગ્ય નથી એવી દલીલ એમાં કરવામાં આવી હતી.નીટ સુપર સ્પેશ્યાલિટીની પ્રવેશ પરીક્ષાની પેટર્ન બદલવાના વિરોધમાં ૪૧ પોસ્ટ ગ્રેજ્યુએટ ડોક્ટર્સે અરજી કરી હતી. એ અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી અને આગામી સાત દિવસમાં એ મુદ્દે જવાબ આપવાનો આદેશ કર્યો છે. નીટ સુપરસ્પેશ્યાલિટીની પ્રવેશ પરીક્ષા ૧૩-૧૪ નવેમ્બરે લેવાશે. એ પહેલાં પરીક્ષાની પેટર્ન બદલવાનો મુદ્દો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. ૪૧ પોસ્ટ ગ્રેજ્યુએટ ડોક્ટરોએ સુપ્રીમ કોર્ટમાં એ પેટર્નની સામે સવાલો ઉઠાવ્યા છે. અત્યાર સુધી નીટ એસએસની પરીક્ષામાં ૪૦ ટકા જનરલ મેડિસીનના સવાલો પૂછાતા હતા. ૬૦ ટકા સુપર સ્પેશ્યાલિટીના સવાલો પૂછાતા હતા. તેના બદલે નવી પરીક્ષા પેટર્નમાં જાહેરાત થઈ હતી કે બધા જ સવાલો જનરલ મેડિસીનના જ પૂછાશે. કેન્દ્ર સરકારની નવી પરીક્ષા પેટર્ન સામે ડોક્ટરોએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. એની સુનાવણી વખતે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સત્તાની રમતમાં યુવા ડોક્ટરોને ફૂટબોલની જેમ ફંગોળવાનું બંધ કરો. આ ડોક્ટરોને અસંવેદનશીલ અમલદારોના ભરોસે ન મૂકી શકાય. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને સાત દિવસમાં જવાબ આપવાનો આદેશ કર્યો છે. એટલું જ નહી, આ વર્ષથી જ શું કામ આ પેટર્ન અમલી બનાવવી છે અને એવી શું ઉતાવળ છે તેની સ્પષ્ટતા કરવાની તાકીદ પણ કેન્દ્ર સરકાર અને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને કરી છે. નવી પેટર્ન આગતા વર્ષે અમલી બનાવવાની દિશામાં કેમ વિચારાયું નથી? આ વર્ષે જ ઉતાવળે અમલી બનાવવા પાછળ સરકારનો અને મેડિકલ કાઉન્સિલનો શું ઈરાદો છે? એવા અણિયાળા સવાલો સુપ્રીમ કોર્ટે પૂછ્યા હતા.

## વિકાસની દોડમાં પાછળ રહી ગયેલા વર્ગોને મદદ મળશે : નિતિશકુમાર



નવી દિલ્લી , તા.૨૮

કેન્દ્રના નિર્ણય પછી બિહાર ભાજપના ઘણાય નેતાઓએ આ પગલાંનો બચાવ કર્યો અને જાતિગત જનગણનાની જરુરિયાત અંગે સવાલ ઉઠાવ્યો. ભાજપે તે સ્પષ્ટ કરી દીધું હતું કે રાજકીય રીતે તેનું વલણ બીજા રાજકીય પક્ષોથી જૂદુ હોઈ શકે છે. ભાજપે જણાવ્યું હતું કે તે સબ કા સાથ અને સબ કા વિશ્વાસનું વલણ ધરાવે છે.બિહારના મુખ્યપ્રધાન નીતિશકુમારે જાતિગત વસ્તી ગણતરીની પોતાની માંગ પર પુનરોચ્ચાર કરતા રવિવારે જણાવ્યું હતું કે આ બાબત રાષ્ટ્રીય હિતમાં છે અને તેનાથી વિકાસની દોડમાં પાછળ રહી ગયેલા વર્ગોને મદદ મળશે.ર્ હાઈકોર્ટમાં કેન્દ્ર તરફથીર દાખલ કરવામાં આવેલા સોગંદનામા અંગે નીતિશકુમારે જણાવ્યું હતું કે આ યોગ્ય બાબત નથી. તેની સાથે એમ પણ જણાવ્યું હતું કે આ મામલો સ્પષ્ટપણે જાતિગત ગણતરી સાથે સંબંધિત ન હતો. કેન્દ્રએ તેના સોગંદનામામાં જાતિગત ગણતરી આધારિત વસ્તી ગણતરીની વાત ફગાવી દીધી હતી. કેન્દ્રીય પ્રધાન અમિત શાહના નક્સલવાદથી અસરગ્રસ્ત રાજયોના મુખ્યપ્રધાનો સાથેની બેઠકમાં દિલ્હી આવેલા જનતાદળ (યુ)ના નેતાએ જાતિગત જનગણના સામેના બધા તર્કોને ફગાવી દેતા જણાવ્યું હતું કે આ માંગ ફક્ત બિહારથી જ નહી પરંતુ કેટલાય રાજયોમાંથી આવી રહી છે. નીતિશે જણાવ્યું હતું કે તે આ મુદ્દે બિહારમાં જુદા-જુદા રાજકીય પક્ષોના સભ્યો સાથે વાત કરશે. કેન્દ્રએ ગુરુવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે પછાત વર્ગોની જાતિગત મતગણતરીનું કામ વહીવટી રીતે એકદમ મુશ્કેલ અને અઘરુ પગલું છે. તેથી આ પ્રકારની જાણકારી જનગણના નીતિની બહાર રાખવી તે એક યોગ્ય નીતિ હેઠળ લેવાયેલો નિર્ણય છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં સરકારે જણાવ્યું હતું કે સામાજિક અને આર્થિક સંદર્ભમાં ૨૦૧૧માં કરવામાં આવેલી વસ્તી ગણતરી અશુદ્ધિઓથી ભરેલી હતી.

## કૃષિ કાયદાને લઈને ખેડૂતોના ભારત બંધની અનેક રાજ્યોમાં અસર જોવા મળી

નવી દિલ્હી , તા.૨૮

સંયુક્ત કિસાન મોરચાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશ, બિહાર, આસામ, ચંડીગઢ, દિલ્હી, ગુજરાત, હરયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર, ઝારખંડ, કેરળ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, પોંડીચેરી, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પ. બંગાળમાં અસર જોવા મળી હતી. દરમિયાન રેલવેએ જણાવ્યું હતું કે ભારત બંધ દરમિયાન ૫૦ ટ્રેનોને અસર થઈ હતી, દિલ્હી, અંબાલા, ફિરોઝપુર ડિવિઝનમાં ૨૦ સ્થળોએ ચક્કાજામ કરવામાં આવ્યો હતો. જંતરમંતર પર ટ્રેડ યુનિયન્સ દ્વારા ખેડૂતોના ભારત બંધને સફળ બનાવવા માટે પ્રદર્શનો યોજવામાં આવ્યા હતા.કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતો દ્વારા ૨૭મી તારીખે ભારત બંધ પાળવામાં આવ્યો હતો. જે દરમિયાન અનેક ટ્રેનોને રદ કરવામાં આવી હતી. ભારત બંધને ખેડૂતો ઉપરાંત અનેક રાજકીય પક્ષો અને સામાજિક સંગઠનોનું સમર્થન મળ્યું હતું.

સંયુક્ત કિસાન મોરચાના ભારત બંધને અનેક રાજકીય પક્ષોએ પણ સમર્થન આપ્યું હતું. અને બંધમાં જોડાયા પણ હતા. ભારત બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. આ દરમિયાન અનેક રાજ્યોમાં પણ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ખેડૂતો આ દરમિયાન ઈમર્જન્સી સેવાઓને છોડીને દરેક વસ્તુઓને બંધ રાખી હતી. ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું હતું કે ભારત બંધ પૂર્ણ રૂપે સફળ રહ્યો છે. હવે આગામી રણનીતી સંયુક્ત કિસાન મોરચા તૈયાર કરશે. તેમણે કહ્યું કે અમારો ભારત બંધ સફળ રહ્યો છે. અમને ખેડૂતોનું પુરૂ સમર્થન મળ્યું હતું. અમે બધુ જ સીલ ન કરી શકીએ કેમ કે અમારે લોકોની અવર જવરને સુવિધાજનક બનાવવાની હતી. સવારે છ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા દરમિયાન ભારત બંધ પાળવામાં આવ્યો હતો. અનેક સૃથળે ધરણા પ્રદર્શનો કરવામાં આવ્યા હતા. આ દરમિયાન કોઇ જગ્યાએ ઘર્ષણ કે ગંભીર રીતે ઘવાયા હોવાની ઘટના સામે નથી આવી. ખાસ કરીને દિલ્હી, પંજાબ, હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ વગેરેમાં ભારત બંધની અસર વધુ જોવા મળી હતી

## ચીને એલએસી પાસે આવાસ ઉભા કર્યા

નવી દિલ્હી , તા.૨૮

ગત વર્ષે ચીનની કાર્યવાહી બાદ ભારતીય પ્રતિક્રિયા, ખાસ કરીને ગલવાન ઘાટી ટકરાવ બાદ પાડોશી દેશોને હેરાન કરી દીધા છે. અને તેને એ ક્ષેત્રોમાં સૈનિકોને તૈનાત કર્યા છે જ્યાં અગાઉથી તૈનાતી નથી હોતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે અમારી રણનીતિ તેમને નુકસાન પહોંચાડી રહી છે. તેઓ અમારા જવાબ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. અમે પીએલએને અગ્રિમ તૈનાતી તેમજ મૂળભૂત ઢાંચાનો વધારો કરવા માટે મજબૂર કર્યા છે. તેમણે કહ્યું કે નવી તૈનાતી ચીની સૈનિકોના મનોબળને પ્રભાવિત કરી રહી છે કેમ કે તેને આવા દુર્ગમ ક્ષેત્રોમાં કામ કરવાની ટેવ નહોતી. આ નવા ટેંટ ગત વર્ષે બન્ને પક્ષો વચ્ચે તંગદીલી વધ્યા બાદ ચીની સૈનિકો દ્વારા લગાવવામાં આવ્યા હતા.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

# ચીનની તાલીબાન સરકારને આર્થિક સહાય ભારતને ઘેરવાનો પ્રયાસ છે કે શું....?

*વિશ્વમાં ચીનની ઉંદરની જેમ ફૂંકી ફૂંકીને જે તે દેશને પોતાની શેહમા લઈ લેવાની છે.જે દગાખોરી ભરી નીતિ છે...તેનો પર્દાફાશ હવે ધીરે ધીરે થઇ રહ્યો છે. જેમાં આફ્રિકન દેશો ચીનની ગુલામ બનાવવાની કપટી ચાલ સમજી જતા ત્યાંના અનેક દેશોએ ચીનના વન બેલ્ટ રોડ પ્રોજેક્ટની રદ કરી દીધો છે. જોકે ભારત ચીન અને પાકિસ્તાન પર સતત બાદ નજર રાખી રહ્યું છે. એટલે ભારત ચીન અને પાકિસ્તાનની દરેક ચાલ સમજી રહ્યું છે. ચીને ભારતમાં રોકાણ કરવા ચીનની કંપનીઓ પર ભારે દબાણ રાખેલ અને તેની પાછળ ચીનની મેલી મુરાદ ભારતને તમામ પ્રકારે ઘેરવાની રહી છે, પરંતુ ચીનની સૌથી મોટી આર્થિક સામ્રાજ્ય ધરાવતી રિયલ એસ્ટેટ કંપની એવર ગ્રાન્ડ ઉઠી જવાથી ચીનને મોટો ફટકો પડ્યો છે તો વિશ્વના બજારોને હચમચાવી નાખ્યા છે અને આ કારણે ચીન જે મનમાની કરતું હતું તેમાં વિઘ્ન આવી ગયું છે. છતાં આતો ચીન છે જે પોતાની વિસ્તારવાદી નીતિ છોડે તેમ નથી તે હકીકત છે.અફઘાનિસ્તાનમાંથી અમેરિકાએ પોતાના ડેરા તંબુ સંકેલી લીધા બાદ તાલિબાનોએ કબજો કરી લીધો.... પરંતુ તે અધુરો હતો અને આવા સમયે પાકિસ્તાન તાલિબાનોની મદદે પહોંચી ગયું. પાકે. તાલિબાનોને જીતાડવા ડ્રોન મોકલી પંજસીર પર હુમલા કરાવ્યા ત્યારે તાલિબાનોએ સંપૂર્ણ કબજો અફઘાનિસ્તાન પર થઈ શક્યો છે. પછીથી સરકાર રચાવા તાલીબાની જૂથોમાં વિવાદો શરૂ થતા પાક.ની જાસૂસી સંસ્થા આઈએસઆઈના વડા કાબુલ પહોંચી ગયા અને તાલીબાની વડાઓને સમજાવી સરકાર બનાવી અને તેના વડા પ્રધાન, ઉપર વડાપ્રધાન, ગૃહ મંત્રીઓ સહિતના તમામ હોદ્દા ઉપર વિવિધ તાલિબાની માથાફરેલાઓના નામ નક્કી કરી સરકાર રચવાની જાહેરાત કરી.....જેમા પાકિસ્તાનનો મોટો સાથ અને હાથ હતો તેની જાણ અમેરિકા સહિતના દેશોમાં થતા વિશ્વના દેશો આંતરિક રીતે હચમચી ગયા અને મૌન ધારણ કરી લીધુ છે......!*

*અફઘાનિસ્તાનમાં તાલિબાનની સરકાર બની ગયા પછી સમગ્ર વિશ્વના દેશોએ આર્થિક સહાય કરવા સહિત માન્યતા આપવા બાબતે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે. જ્યારે કે પાકિસ્તાન તાલીબાન સરકારને માન્યતા આપવા વિવિધ રીતો અપનાવી કુદા કુદ કરી રહ્યું છે. અને આ સમયે ચીન મેદાનમાં આવી ગયું કારણ કે તેની મુરાદ અફઘાનિસ્તાનમા મળતા ખનીજ પર છે. તેથી તેણે સૌપ્રથમ તાલિબાન સરકાર તરફ મદદનો હાથ લંબાવી દીધો અને અફઘાનિસ્તાનની આર્થિક તકલીફો દૂર કરવા ૩.૧ કરોડ ડોલરની મદદની જાહેરાત કરી દીધી. અને એ મદદ કરવા બાબતે એવું કારણ બતાવ્યું કે અફઘાનિસ્તાનમાં સ્થિતિ વ્યવસ્થિત કરવા અને વ્યવસ્થા માટે આર્થિક સહાય કરવી જરૂરી છે. ખરેખર તો ચીનની આ મદદ ભારતને ઘેરવાની છે. અને તેની તાલિબાન સરકારને સહાયને બહાને ચીનની ગણતરી પૂર્વકની રણનીતિ ભારતને ઘેરવાની લાગી રહી છે....! કારણ ચીન ભારતના પડોશી દેશોને મદદ કરીને ભારતને ઘેરવાની પ્રયાસો કરી રહ્યું છે જેથી ભારત પણ દબાણ બની રહે અને ભારત વિશ્વના બજારોમાં આગળ વધી ન શકે.તેના ઉદાહરણોમાં ચીને પાકિસ્તાનને તમામ પ્રકારની સહાય કરી પોતાનું કહ્યાગરુ બનાવી દીધું છે, તો શ્રીલંકા, નેપાળ, બાંગ્લાદેશ, મ્યામાર વગેરે દેશોને રક્ષા, વ્યાપાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના બહાના તળે સહાય કરી પોતાનું આધિપત્ય જમાવી રહ્યું છે... અને હવે દોડી રહેલા ચીનને સીધો ઢાળ મળી ગયો અફઘાનિસ્તાનનો... એટલે હવે ત્યાં પણ ચીન આધિપત્ય જમાવી શકે.... છતાં આ તો તાલીબાનો છે અને તેઓની વિચક્ષણતા કોઈ સમજી શક્યું નથી....!એટલે માત્ર કલ્પના જ કરવી રહી......!*

*વંદે માતરમ્*

# અમદાવાદ શહેર અને જિલ્લામાંથી એક વર્ષમાં એમડી ડ્રગ્સુનો રૂ. ૧.૩૧ કરોડનો જથ્થોગ પકડાયો : ગ્યાનસુદ્દીન શેખ




અમદાવાદ શહેરના દરિયાપુર વિધાનસભા મતવિસ્તાોરના ધારાસભ્યાશ્રી ગ્યાનસુદ્દીન શેખના પ્રશ્નના જવાબમાં રાજય સરકારે કબુલ્યુંદ છે કે, અમદાવાદ શહેર અને જિલ્લામાંથી છેલ્લા એક વર્ષમાં માત્ર એમડી ડ્રગ્સનો રૂ. ૧.૩૧ કરોડનો જથ્થોભ પકડાયો છે, તે અન્વકયે ૧૯ ઈસમોની ધરપકડ કરવામાં આવી અને ૪ ઈસમોની ધરપકડ કરવાની બાકી છે.

ગત મહિને જ વલસાડના ડુંગરી સ્થિભત બંધ પડેલ યુનિટમાંથી ૪.૫ કિલો એમડી ડ્રગ્સનનો જથ્થોા અને રૂ. ૮૫ લાખ રોકડા પકડાયા હતા. છેલ્લા એક વર્ષમાં રાજયનમાંથી ગાંજા, અફીણ, ચરણસ, હેરોઈન, બ્રાઉન સુગર, સિન્થે ટીક ડ્રગ્સદનો રૂ. ૩૧૨ કરોડનો જથ્થો પકડાયો છે. ભાજપ સરકારની ગુનાહિત બેદરકારીના કારણે આજે ગુજરાતનો યુવાન નશાની ગર્તામાં ધકેલાઈ રહ્?યો છે.

વિશ્વસ્ત?રે ડ્રગ્સાની હેરાફેરી માટે ગુજરાતનો દરિયાકાંઠો ટ્રાન્ઝીરટ પોઈન્ટ બની રહ્?યો છે. ગુજરાતનો દરિયાકાંઠો ડ્રગ્સપ માફીયાઓ માટે જાણે સ્વર્ગ સમાન બની ગયો છે. ડ્રગ્સં માફીયાઓ ડ્રગ્સપની હેરાફેરી માટે ગુજરાતના દરિયાકાંઠાનો ખુલ્લેઆમ ઉપયોગ કરે છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતની દરિયાકાંઠેથી ૩૦ હજાર કરોડનું ડ્રગ્સા પકડાયું છે. તાજેતરમાં જ અદાણીના મુન્દ્રા પોર્ટ પરથી ૩ હજાર કિલો જેટલો હેરોઈનનો જથ્થોી પકડાયો છે, જેની કિંમત રૂ. ૨૧ હજાર કરોડ જેટલી થવા જાય છે. પોરબંદરના દરિયામાંથી ૫૦ કિલો હેરાઈનનો જથ્થો પકડાયો છે, જેની કિંમત રૂ. ૨૫૦ કરોડ થવા જાય છે. જો આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સાનો કરોડો રૂપિયાનો જથ્થો્ પકડાયો હોય તો કેટલો જથ્થો રાજયજ અને દેશના અન્ય ભાગોમાં ઘુસી ગયો હશે ? તેવી શંકા વ્યગકતસ કરતાં દરિયાપુર વિધાનસભા મતવિસ્તાહરના ધારાસભ્યિશ્રી ગ્યાનસુદ્દીન શેખે જણાવ્યુંઠ હતું કે, ભાજપના શાસનમાં ગુજરાત જાણે નશીલા દ્રવ્યો નું હબ બની ગયું હોય તેમ ગુજરાતમાંથી અવારનવાર પકડાતા કરોડો રૂપિયાના ડ્રગ્સંના જથ્થાશ પરથી સાબિત થાય છે. ડ્રગ્સગ માફીયાઓની તંત્ર અને અધિકારીઓ સાથેની સાંઠગાંઠના કારણે ડ્રગ્સ ની આટલા મોટા પ્રમાણમાં હેરાફેરી થાય છે. ગુજરાતના ખાનગી પોર્ટ પરથી પકડાયેલ કરોડો રૂપિયાના ડ્રગ્સરના જથ્થાઠ અંગે ખાનગી પોર્ટના અધિકારીઓ પણ શંકાના દાયરામાં આવે છે. ખાનગી પોર્ટના સંચાલક અને તેના અધિકારીઓ સામે તાત્કોલિક પોલીસ ફરિયાદ નોંધાવી જોઈએ અને તેમની સામે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ તેવી માંગણી ગ્યાઅસુદ્દીન શેખે કરી હતી.

### સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૦૩ અને ચાંદીમાં રૂ.૯૫૧નો ઘટાડો

# કોટનમાં પ્રત્યાઘાતી નરમાઈઃ સીપીઓ, રબરમાં સુધારાનો સંચારઃ મેન્થા તેલ ઢીલુ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૦૨,૯૦૧ સોદાઓમાં કુલ રૂ.૧૮,૭૨૯.૪૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૩ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૯૫૧ ઘટ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એલ્યુમિનિયમ અને સીસું વધવા સામે તાંબુ, નિકલ અને જસત ઘટી આવ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંનેમાં વૃદ્ધિ વાયદાના ભાવમાં થઈ હતી. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદામાં પ્રત્યાઘાતી નરમાઈ સામે સીપીઓ, રબરમાં સુધારાનો સંચાર થયો હતો. મેન્થા તેલ ઢીલું ટ્રેડ થઈ રહ્યું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓક્ટોબર વાયદામાં ૧૧૭ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓક્ટોબર વાયદામાં ૧૧૨ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી. ઓપ્શન્સ ઓન કોમોડિટી ફ્યુચર્સમાં ક્રૂડ તેલના ઓપ્શન્સમાં રૂ.૧,૮૪૦.૧૭ કરોડનું નોશનલ ટર્નઓવર પ્રથમ સત્રનાં અંતે નોંધાયું હતું. કીમતી ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ પર સોના-ચાંદીમાં ૮૨,૨૫૨ સોદાઓમાં કુલ રૂ.૬,૧૭૬.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૬,૦૭૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૬,૦૭૧ અને નીચામાં રૂ.૪૫,૭૩૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૩ ઘટી રૂ.૪૫,૭૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૩ ઘટી રૂ.૩૭,૦૨૫ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૩ ઘટી રૂ.૪,૫૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૦૦૮ના ભાવે ખૂલી, રૂ.૩૨૦ ઘટી રૂ.૪૫,૭૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૦,૫૭૨ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૫૮૫ અને નીચામાં રૂ.૫૯,૬૧૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૫૧ ઘટી રૂ.૫૯,૬૮૩ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૯૨૨ ઘટી રૂ.૫૯,૯૭૨ અને ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૯૨૯ ઘટી રૂ.૫૯,૯૬૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં એમસીએક્સ પર ૧૨,૧૮૮ સોદાઓમાં રૂ.૨,૨૧૫.૯૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૨૫ વધી રૂ.૨૩૨.૧૫ અને જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૨૬૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭.૭૫ ઘટી રૂ.૭૧૦.૫૫ અને નિકલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૪.૫ ઘટી રૂ.૧,૪૪૫.૪૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ વધી રૂ.૧૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં એમસીએક્સ પર ૭૯,૪૯૪ સોદાઓમાં કુલ રૂ.૭,૮૨૪.૨૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૬૧૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૬૭૫ અને નીચામાં રૂ.૫,૬૧૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૭૪ વધી રૂ.૫,૬૫૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૬.૯૦ વધી રૂ.૪૬૪.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં એમસીએક્સ ખાતે ૧,૮૭૮ સોદાઓમાં રૂ.૨૯૧.૫૩ કરોડનાં કામકાજ થયા હતા. રબર ઓક્ટોબર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૦૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૦૬૯ અને નીચામાં રૂ.૧૬,૯૨૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૬ વધી રૂ.૧૭,૦૩૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૨૫.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૩૫.૪૦ અને નીચામાં રૂ.૧૧૨૫.૨૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬.૫૦ વધી રૂ.૧૧૩૪.૬૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૧૦ ઘટી રૂ.૯૨૨ અને કોટન ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૧૨૦ ઘટી રૂ.૨૬,૯૯૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ ખાતે કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૯૨૮ સોદાઓમાં રૂ.૪,૧૪૯.૯૨ કરોડનાં ૯,૦૩૧૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫૯,૩૨૪ સોદાઓમાં કુલ રૂ.૨,૦૨૬.૪૭ કરોડનાં ૩૩૬.૩૭૪ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૨૩૧.૨૦ કરોડનાં ૧૦,૦૦૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨૨૪.૪૩ કરોડનાં ૮,૬૫૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૮૫૭.૨૪ કરોડનાં ૧૧,૯૨૭.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૭૬૬.૦૭ કરોડનાં ૫,૩૫૩.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૩૭.૦૪ કરોડનાં ૭,૪૨૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨,૯૮૯ સોદાઓમાં રૂ.૧,૧૬૬.૭૮ કરોડનાં ૨૦,૬૫,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૬૬,૫૦૫ સોદાઓમાં રૂ.૬,૬૫૭.૪૮ કરોડનાં ૧૪,૬૨,૦૫,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૪૦૮ સોદાઓમાં રૂ.૩૨.૮૬ કરોડનાં ૧૨૨૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧૧૨ સોદાઓમાં રૂ.૫.૮૯ કરોડનાં ૬૩ ટન, રબરના વાયદાઓમાં ૨૪ સોદાઓમાં રૂ.૦.૪૧ કરોડનાં ૨૪ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૩૩૪ સોદાઓમાં રૂ.૨૫૨.૩૭ કરોડનાં ૨૨,૪૭૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ ખાતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૦૦૯૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૯૫.૮૬૧ ટન, એલ્યુમિનિયમમાં ૧૩,૨૨૫ ટન, જસત વાયદામાં ૮,૩૭૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૦,૧૧૫ ટન, નિકલ વાયદામાં ૨,૮૭૧ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૬,૩૬૫ ટન, ક્રૂડ તેલમાં ૯,૯૯,૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૪૬,૫૩,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૦૬૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૫૨૯ ટન, રબરમાં ૬૭ ટન, સીપીઓમાં ૭૧,૧૨૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ ખાતે પ્રથમ સત્ર સુધીમાં ૧,૮૦૫ સોદાઓમાં રૂ.૧૫૭.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૮૮૨ સોદાઓમાં રૂ.૬૮.૨૭ કરોડનાં ૯૯૭ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯૨૩ સોદાઓમાં રૂ.૮૯.૩૦ કરોડનાં ૧,૧૦૫ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૪૪૬ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૦૬૩ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૩,૭૪૫ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૩,૭૫૪ અને નીચામાં ૧૩,૬૩૭ના સ્તરને સ્પર્શી, ૧૧૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૨૪ પોઈન્ટ ઘટી ૧૩,૬૪૩ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૬,૨૨૫ના સ્તરે ખૂલી, ૧૧૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧૩ પોઈન્ટ ઘટી ૧૬,૧૪૯ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ ખાતે ૨૫,૨૮૪ સોદાઓમાં રૂ.૨,૦૬૩.૭૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૭.૧૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૫.૬૯ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૮૪૦.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

# બીજેપી પાસેથી જ લીધો ભારતબંધનો આઈડીયા : રાકેશ ટિકૈત

નવી દિલ્હી ,તા.૨૮

ભારતીય કિસાન યુનિયન પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે, સંયુક્ત ખેડૂત મોરચાના આહ્વાન પર ભારત બંધ સંપૂર્ણ રીતે સફળ રહ્યું. દેશભરમાં હજારો જગ્યાઓએ ખેડૂતો માર્ગ પર બેઠા હતા. બંધને ખેડૂતો સાથે સાથે મજૂર, વેપારીઓ, કર્મચારીઓ, ટ્રેડ યુનિયનનો પણ સહયોગ મળ્યો. તેમણે કહ્યું કે, ૩ રાજ્યોનું આંદોલન બતાવનારા લોકો આંખો ખોલી લે સંપૂર્ણ દેશ ખેડૂતો સાથે ઊભો છે.કૃષિ કાયદાઓ વિરુદ્ધ કરવામાં આવેલા ભારત બંધના આહ્વાનને ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે સફળ બતાવ્યું છે. રાકેશ ટિકૈતે ફરી એક વખતે રીપિટ કર્યું કે, જ્યાં સુધી ત્રણ કૃષિ કાયદાઓને રદ્દ કરવામાં નહીં આવે અને સ્જીઁ પર કાયદો નહીં બને ત્યાં સુધી આંદોલન પૂર્ણ નહીં થાય. ઉત્તર પ્રદેશમાં ૮૦૦થી વધારે જગ્યાઓ પર આંદોલન થયા છે અને સારા રહ્યા છે. જોકે કેટલીક દુકાનો ખુલ્લી રહી કારણ કે સરકારનું ફોકસ રહ્યું કે એ દેખાડવામાં આવે કે ઉત્તર પ્રદેશમાં અસર ઓછી રહી છે પરંતુ, આંદોલન સંપૂર્ણરીતે સફળ રહ્યું છે. તેમણે ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતાઓ પર કટાક્ષ કરતા કહ્યું કે, BJPવાળા ખૂબ જ જ્ઞાની છે અને તેમની પાસે જ અમે ભારત બંધનો આઈડિયા લીધો છે. રાકેશ ટિકૈતે કહ્યું કે, અમે કોઈ સીલબંધ આંદોલન કર્યું નથી અને લોકોને આવવા-જવાની છૂટ પણ આપી જેથી તેઓ આવતા-જતા રહે. રાકેશ ટિકૈતે ભારત બંધ પૂર્ણ થયા બાદ એક ન્યૂઝ ચેનલ સાથે વાતચીત કરતા કહ્યું કે, આંદોલનને BJPવાળા ચૂંટણી સુધી કેમ લઈને જઈ રહ્યા છે. કૃષિ મંત્રી કન્ડિશન પર વાતચીત કરવા માગે છે કે કાયદો પરત નહીં થાય, ભલે કેટલાય સંશોધન કરાવી લેવામાં આવે. જો તેમણે પહેલા જ નિર્ણય કરી લીધો છે તો અમે નહીં જઈએ. કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરને રટ્ટુ બતાવનારા સવાલ પર રાકેશ ટિકૈતે કહ્યું કે તેમને જે ગોખાવવામાં આવે છે તેઓ એ જ ગોખીને આવે છે અને બેઠકમાં એ જ બોલે છે, તેમની પાસે આગળ બોલવાનો કોઈ પાવર નથી. જો કૃષિ મંત્રીને સંપૂર્ણ તાકત આપી દેવામાં આવે તો આંદોલન પર નિર્ણય થઈ જશે પરંતુ, જેટલું સરકાર બોલે છે એ જ વાતને તેઓ રીપિટ કરે છે. તેની આગળ ક્યારેય નથી વધ્યા. રાકેશ ટિકૈતે કહ્યું કે, પહેલા BJPવાળા ભારત બંધ કરતા હતા.

### શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં તમામ ખાનગી શાળા-કોલેજોની સંપૂર્ણ ફી માફ કરવા કોંગ્રેસ પક્ષની માંગણી

# ગાંધી અને સરદારનું ગુજરાત ડ્રગ માફીયા, વ્યાંજિકવાદીઓ અને મિલ્કવત માફીયાની સીન્ડીઅકેટમાં ફસાઈ ગયું છે : પરેશ ધાનાણી

આજરોજ વિધાનસભા ગૃહમાં ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ મહિલા અધ્યીક્ષ તરીકે શ્રીમતી નીમાબેન આચાર્યની વરણી થતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઈ ધાનાણીએ તેઓને અભિનંદન પાઠવ્યાી હતા.

શ્રી પરેશભાઈ ધાનાણીએ જણાવ્યું હતું કે, ૧૯૬૦માં બનેલા ગુજરાતમાં લોકશાહીના મંદિર સમાન આ વિધાનસભા ગૃહમાં માનનીય અધ્યુક્ષશ્રીની ખુરશીનું અનેરું મહત્ત્વ છે. આ ખુરશીએ વિધાનસભાની ગરીમા, પરંપરાને હંમેશા ઉજવ્માંળ બનાવી છે. આજે ગુજરાતની લોકશાહીને બચાવવા, સંરક્ષણ કરવાની જવાબદારી આ સભાગૃહે આપને સોંપી છે. એક મહિલા તરીકે સર્વપ્રથમ વખત ગુજરાત વિધાનસભામાં અધ્યશક્ષ તરીકે આપની વરણી કરવામાં આવી છે ત્યીારે એક મા જેમ બાળકોને સીંચે એ જ રીતે વિધાનસભાના ૧૮૨ ધારાસભ્યોકને સમદષ્ટિકથી સીંચવાનું કામ કરશો, માર્ગદર્શન પૂ?રું પાડશો એવી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યયક્ષશ્રીના માર્ગદર્શન તળે મહિલા અને બાળકલ્યા ણ સમિતિની રચના કરવાની માંગણી વિપક્ષ નેતાશ્રીએ કરી હતી.

શ્રી પરેશ ધાનાણીએ વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન મગફળીના ટેકાના ભાવો અંગેના પ્રશ્નની ચર્ચામાં પેટા પ્રશ્ન કરતાં જણાવ્યું હતું કે, દેશના માન. વડાપ્રધાનશ્રીએ ખેડૂતોની આવક બમણી કરવાનું સપનું દેખાડયું હતું પરંતુ ભાજપ સરકારની નિષ્ફહળ નીતિઓના કારણે ખેડૂતોની આવક બમણી થવાના બદલે અડધી થઈ ગઈ છે. સરકારના નિષ્ફજળ શાસનના કારણે રાજયત અને દેશમાં મોંઘવારી સતત વધીને ચાર ગણી થઈ જવા પામી છે. ત્યા રે ખેડૂતને તેની ઉપજના પોષણક્ષમ ભાવો મળતા નથી અને ખેડૂતોનું દેવું દિન-પ્રતિદિન વધતું જાય છે. રાજયરમાં કૃષિ ઉપજોની ટેકાના ભાવે ખરીદીમાં ખુલ્લા બજારમાં ખેડૂતોનો ગુણવત્તાયુક્તવ માલ ઈરાદાપૂર્વક સરકારના મળતિયાઓ દ્વારા રીજેક્ટભ કરી દેવામાં આવે છે. ત્યાતરબાદ એ રીજેક્ટા કરવામાં આવેલો માલ પાણીના ભાવે લુંટી લેવાય છે અને એ જ માલ ટેકાના ઉંચા ભાવે ગોડાઉનોમાં ભરી દેવામાં આવે છે અને આવા ગોડાઉનોમાંથી મગફળીની જગ્યાવએ માટી, પથ્થલર અને કાંકરા મળે છે. ત્યોરે આ વચ્ચેમથી મલાઈ કોણ તારવી જાય છે ? તેવો પ્રશ્ન શ્રી ધાનાણીએ કર્યો હતો. તેમજ જે રાજ્યરમાં કૃષિ ઉપજોની વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૫% ખરીદી કરી, વર્ષ ૨૦૨૦-૨૧માં ૩.૭૦% ખરીદી કરી ત્યાકરે તમામ કૃષિ ઉપજોની ટેકાના ભાવે ખરીદીનો કાયદો વિધાનસભા ગૃહમાં સરકારે લાવવો જોઈએ.

શ્રી ધાનાણીએ જણાવ્યું। હતું કે, રાજયકમાં ભાજપના સતત ૨૫ વર્ષના શાસનમાં ગાંધી અને સરદારનું ગુજરાત આજે ડ્રગ માફીયા, વ્યાંજકવાદીઓ અને મિલ્કયત માફીયાની સીન્ડીકકેટમાં ફસાઈ ગયું છે. આ સીન્ડીજકેટને ગુજરાતના દરિયાકાંઠે સેઈફ લેન્ડીંગ સ્પેતસ કોણ આપી રહ્?યું છે ? તેવો સવાલ કરતાં જણાવ્યું હતું કે, ભારતના આઝાદીના ઈતિહાસમાં રૂ. ૨૧ હજાર કરોડ રૂપિયાનું ડ્રગ અદાણી પોર્ટમાં ભાજપ સરકારની મીઠી નજર તળે ઉતર્યું છે ત્યાતરે સરકારે શરમ કરવી જોઈએ, પરંતુ સરકાર લાજવાને બદલે ગાજી રહી છે. ભાજપ સરકારના નેતૃત્વ માં પોલીસ માર ખાઈ રહી છે. છેલ્લા અઠવાડીયામાં જ પાંચ જેટલા બનાવો બન્યાગ કે લુખ્ખાા તત્ત્વો પોલીસને ધોકાવી નાખે, ટીપી નાખે તો પણ સરકારને શરમ નથી આવતી.

કોરોના મહામારીમાં થયેલા ૩ લાખથી વધુ મૃતકોને વિધાનસભા ગૃહમાં સામુહિક શ્રદ્ધાંજલિ આપવા અને કોરોનાથી મૃત્યુ પામનાર વ્યંક્તિ ના પરિવારજનોને નિયમોનુસાર રૂ. ૪ લાખનું વળતર મળે તેવો પ્રસ્તા વ વિધાનસભા સમક્ષ કોંગ્રેસ પક્ષ દ્વારા મૂકવામાં આવ્યોક હતો પરંતુ સંવેદનશીલતાનું માત્ર મહોરું પહેરનાર ભાજપ સરકાર આવા પ્રસ્તાોવમાં સંમત થઈ ન હતી. પ્રજાહિતમાં મૂકાયેલ પ્રસ્તાાવનો અસ્વીકાર થતા વિધાનસભા ગૃહમાંથી કોંગ્રેસ પક્ષે વોકઆઉટ કર્યો હતો.

વિધાનસભા ગૃહમાં સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક રજૂ થયું હતું. વિધેયકની ચર્ચામા ભાગ લેતાં વિપક્ષ નેતાશ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, રાજયીમાં ભાજપના ૨૫ વર્ષના સળંગ શાસન પછી પણ આજે રાજ્યલમાં એવી સ્થિ તિ પેદા થઈ છે કે સરકારે પોતે જ કરેલા નિર્ણયોને ફરી પાછા સુધારવા પડે છે. આજે રાજ્યલમાં શૈક્ષણિક વ્યથવસ્થોનું ખાનગીકરણ થઈ રહ્?યું છે. રાજયામાં અગાઉ ૧૫ જેટલી સરકારી યુનિવર્સિટીઓ હતી, જે ભાજપના રાજમાં ૯૨ કરતાં વધુ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ મારફત ગુજરાતના ગરીબ-મધ્યીમવર્ગીય પરિવારનું બાળક મોંઘી ફી ભરવા મજબુર બન્યુંન છે. શિક્ષણમાં વેપારીકરણનંભ રાજ ઉભું થયું છે, જેથી કેટલાય ગરીબ-મધ્યવમવર્ગના બાળકોનું ભવિષ્યબ અંધકારમય બન્યું છે. ફી માફીયાઓ તેના ભવિષ્યુની સાથે ચેડા કરી રહયા છે ત્યીારે આપણે સહુએ સાથે મળીને તેની ચિંતા કરવી પડશે. ફી નિર્ધારણ કાયદો લાવી ભાજપની સરકાર બની ગઈ પરંતુ આજે આ કાયદો ૮૫% જેટલી ખાનગી શાળા-કોલેજોમાં ફી વધારાનું માધ્યનમ બન્યોભ છે. આ કાયદો ફી માફીયાઓ પર લગામ કસવાને બદલે તેને ફી વધારી દેવાનું પ્લોટફોર્મ બન્યોય છે.

રાજ્યભ છેલ્લા દોઢ વર્ષથી કોરોના મહામારીનો સામનો કરી રહ્?યું છે. કોરોનાની સારવારમાં સામાન્ય માણસની બચત ખર્ચાઈ ગઈ છે, આવકો ઓછી થતી ગઈ છે, દેવું વધતું જાય છે અને આવી સ્થિલતિમાં ગુજરાતના બાળકોનું ભવિષ્યૂ અંધકારમય ન બને તે માટે તત્કાઈલીન શિક્ષણ મંત્રી સમક્ષ ફી માફ કરવા અંગે રજૂઆતો કરવામાં આવેલ. કોરોનામાં શાળા કોલેજો બંધ થઈ, શિક્ષણ અનિશ્ચિશત થયું, બાળકોને લખવા-વાંચવાની ટેવ ગઈ, ઓનલાઈન શિક્ષણમાં ગરીબ-મધ્યોમવર્ગીય પરિવારના બાળકો કે જેમને મોબાઈલ લેવાનો વેંત નથી ત્યોરે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં તમામ ખાનગી શાળા-કોલેજોની સંપૂર્ણ ફી માફ કરવા, ખાનગી શાળા-કોલેજોને પગાર વગેરે આનુષંગિક ખર્ચ માટે ગ્રાન્ટન ફાળવવા વિધાનસભા ગૃહમાં નિર્ણય કરવાની માંગણી શ્રી પરેશભાઈ ધાનાણીએ કરી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની છ રચનાઓ
વિષય :." શબ્દાર્થ " શબ્દ ની અનંત યાત્રા..શબ્દ વિષયક રચનાઓ(૨૯-૯-૨૦૨૧) દિવસ - ૧

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા ગ્રુપ

## NOG :SS : 0089

પ્રકાર: પદ્ય
વિષય: " શબ્દાર્થ " શબ્દ એક કથા - શબ્દોની સાહિત્ય અનંત યાત્રા ??
શીર્ષક : "શબ્દ પદ કથા "
રેખા શુકલ- અમેરિકા

શબ્દે સપના આંખ જુવે કથા
હોવત ખુશ મોહત મન અદા
શબ્દ કાપશે જોડશે જીવ વાર્તા
શબ્દ દીપાવે દિવસ છીની લે જાન
શબ્દ જીત પ્રશંસા શબ્દ હાર કીચડ
સીધી સાદી જીંદગી બરબાદ શબ્દે
નવરસ વહે પ્રેમ વાદા શબ્દે શબ્દે
ઢાઇ અક્ષર આંસુ સારે સત્ય હારે
શુભાશિષ છે શબ્દ ને રણચંડીનો શ્રાપ
મીઠું ગણ ગણે ગીત સરગમે સરસ્વતી
શબ્દો કરે તાંડવ ને રુદ્રી મહાદેવે
શ્રાપ સતિ ના પડઘા ડરાવે શબ્દ જલી
શબ્દ કરાવે અંતર, બાંધી કૂણો સંબંધ
મા શીખવે સંસ્કારી શબ્દો ખરું ને
રોવડાવે બની યાદ એજ સંસ્કારી શબ્દો
ઇજ્જત શરાફત ને દિવાનગી શબ્દો
એકશન બોલ્યા નહીં ને કથા શબ્દે
નીકળે અંતિમ આહ સમાપ્ત યાત્રા શબ્દે

રેખા શુકલ

## NOG.SS NO 0026.

વિષય - શબ્દાર્થ -
શીર્ષક - શબ્દનો સંગાથ.
પ્રકાર - પદ્ય ( મૌલિક રચના).

શબ્દનો સંગાથ મળે તો કાવ્યની કલ્પના જડે.
શબ્દ કદી જો તીર બને તો શબ્દ કદી જ્યાં ઢાલ બને.
શબ્દ લગાવે જીવન દાવ પર, શબ્દ બને મલમ ઘાવ પર.
શબ્દ બનાવે સંયમી, શબ્દથી સર્વ ધરાશયી.
શબ્દથી બંધાયે વેર, શબ્દ ઉઘલાતું ઝેર.
શબ્દની લીલા અપરંપાર, તોળી બોલો, બેડો પાર.
વેદ પુરાણોની એ સાર,
શબ્દે શબ્દે કરો ચતુર વિચાર!

અંજના ગાંધી "મૌનુ",વડોદરા

---

## NOG SS No : 0001 ( પ્રથમ રચના)

પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " શબ્દ એક અર્થ અનેક "

આપણાં શબ્દકોશમાં ઘણાં એવા શબ્દો છે જેમાં સૂક્ષ્મ રીતે જ અર્થભેદ રહેલો હોય છે.જેમકે હવા માટે પવન , વાયુ , મારુત વગેરે.પરંતુ ' હવા ' અને ' પવન ' વચ્ચે સૂક્ષ્મ તફાવત છે .કુદરતી હવાને આપણે પવન કે વાયુ કહીશું પણ પંખાનો પવન નહીં કહીએ એને તો પંખાની હવા જ કહીશું .આવા સૂક્ષ્મ અર્થભેદ સમજવા માટે કે એનો સમજપૂર્વક ઉપયોગ કરવા માટે ભાષાકૌશલ હોવું જરૂરી છે .

દરેક ભાષા પાસે પોતાનું શબ્દભંડોળ હોય છે .એની સાથે જ જે તે પ્રદેશની સંસ્કૃતિ પણ જોડાયેલી હોય છે. એટલે એમ પણ કહી શકાય કે શબ્દ એ સંસ્કૃતિનું પ્રતિક પણ છે. ભાષા શસ્ત્ર છે અને શાસ્ત્ર પણ છે . જો એ શાસ્ત્ર બને તો જ્ઞાન આપે છે .આપણાં જીવનમાં ઉજાસ કરે છે .કોઈપણ કામ જ્યારે બળથી કે ધનથી ના થતું હોય ત્યારે પ્રેમપૂર્વક ભાષાના પ્રયોગથી એ કામ આસાન બની જાય છે .એમજ ભાષા શસ્ત્ર પણ છે .શબ્દથી વાગેલા બાણ બહુજ વેધક હોય છે .એ જલ્દીથી રુઝાતા નથી .શબ્દો અપમાન પણ કરે છે ને સન્માન પણ કરે છે .શબ્દો દ્વારા માણસના સંસ્કાર દેખાઈ આવે છે . તોછડી અને અસભ્ય ભાષા બોલવાથી માણસ લોકોમાં અપ્રિય બની જાય છે .જ્યારે મીઠી બોલી અને મીઠાશથી બોલાયેલા શબ્દો માણસને સર્વોચ્ચ સ્થાન પર બેસાડી દે છે .

એવીજ રીતે એક જ શબ્દનાં અનેક અર્થ થાય છે એવો એક મહત્વનો શબ્દ છે ' કાળ '. કાળ એટલે ભૂત , ભવિષ્ય , અને વર્તમાન કાળ. ' કાળ ' એટલે મૃત્યુ પણ થાય છે .કોઈનું અચાનક જ અકસ્માતમાં મૃત્યુ થાય તો એમ કહે છે કે એને ' કાળ ' ભરખી ગયો .આમ ' કાળ ' એટલે યમદૂત પણ થાય છે .જૈનોમાં કોઈ સાધુ કે સાધ્વીજી મૃત્યુ પામે તો એમ કહે છે કે તેઓ ' કાળધર્મ ' પામ્યા .એટલે કે એમના જીવનનો અંત એટલેકે સમયનો અંત આવ્યો .

તો ' કાલ ' એટલે ' ક્યારેય નહીં ' એવો પણ અર્થ થાય છે .કોઈ દુકાન પર એવું બોર્ડ માર્યું હોય છે કે ' આજે રોકડા ઉધાર કાલે ' .એનો અર્થ એ થાય કે જે લેવું હોય તે રોકડેથી જ લો. આવતીકાલ ક્યારેય નથી આવતી .જે નવો દિવસ આવે છે એ આજ બનીને જ આવે છે. આમ જેમ કાળ એટલે સમય થાય છે એમ કાળ એ ચોઘડિયામાં પણ વપરાય છે .જેમકે કાળ ચોઘડિયું એટલે અશુભ સંકેત આપતું ચોઘડિયું .આમ કાળ ને અશુભ ની સાથે સાથે ભયાનક કે ખતરનાક નાં અર્થમાં પણ વપરાય છે. જેમકે કાળરાત્રિ , કાળભૈરવ .તો કાળઝાળ ગરમી શબ્દમાં વાતાવરણ નો અર્થ છૂપાયેલો છે. આમ શબ્દો ઘણીવાર એક હોવા છતાં પણ એનાં અર્થ અનેક હોવાથી આપણે એનો વિવિધ રીતે પ્રયોગ કરીએ છીએ .

પ્રદીપ રાવલ ' સંચાલક '

---

## NOG SS No : 0078

પ્રકાર - પદ્ય
વિષય - શબ્દો સાહિત્યની અનંત યાત્રા
શીર્ષક - ટપક્યા શબ્દો, વીણી લેજો...

શબ્દ વીંધે છે;
મૌન ચીરે છે.
શબ્દ છૂટ્યો લવાય શું પાછો?
જખ્મ ઊંડો ભરાય શું પાછો?
સાચ શબ્દો જ નીકળી આવ્યા;
એ પછી બેનકાબ છે ચહેરો.
ભાવ, શબ્દોની અછત ક્યાં છે છતાં!
શબ્દ ગોથા ખાય છે, દેખાય છે.
સહેજ ભીનો ભાગ જોઈ પત્રનો;
પારખું કહે શબ્દ વિણ શું શું ખર્યું.
રોકી દઉં? એના વગર જીવું હું કેમ!
શબ્દો જ મારો તો ધબકતો શ્વાસ છે.
શબ્દો કરીને કેદ મળ્યું શું કહો તમે?
ખોલીને સૂનકાર રળ્યું શું કહો તમે?
દોડે નહીં,ખૂલે ન એ સૌને જ જોઈને;
શબ્દોને પૂરી દઈને ફળ્યું શું કહો તમે?
શબ્દો ને અર્થો ભાવના વરસાદમાં;
પલળ્યા પછી શાયરની પણ રજૂઆત થઈ.
હળવું કરે વ્યથિત □દય શબ્દથી કલમ;
ભીના આ કાગળો કરે છે અશ્કથી કલમ.
શબ્દોથી, કર્મથી કે દઉં ઘાવ શસ્ત્રથી;
શું ફર્ક? મન તો કોઈયે રીતે ઘવાયું છે.
આત્મા ,સ્વમાન,શબ્દ અને વ્યક્તિનું ઘણું;
જ્યારે સતત હણાય પછી વારતા બને.
લોહીલુહાણ શસ્ત્ર વિના પણ કરી દે એ;
શબ્દોના બાણ થાય પછી વારતા બને.
જોયા કરે જ રાહ, મધુર સ્વર ને શબ્દ બહુ;
સઘળે જ બંધ દ્વાર છે બહારે, ભીતરમાં પણ.
સળગ્યા કરે વિચાર દીવા થઈ, ને શબ્દ ક્યાં?
સૌ ઘરમાં કોઈ એવી અટારી જ છે, છે ને?
ફૂલ જેવા મૃદુ છે ને પહાડ સમ ભારેય એ;
છે તમારા પર કે કેવા વાપરો શબ્દો તમે.
અકળાયને કરે છે એ ડોકિયા ને સંતાય ;
પોતાનું જ્યાં ન લાગે ત્યાં શબ્દ નીકળે ક્યાં?
ફૂલ - શબ્દો, ભાવ - કંકુ, દીપ - મહેનત, ઠીક છે?
તો એ કેવું! જ્ઞાનથી પૂજા અને ભક્તિ ગઝલ.
દિલ ઉપર ઘૂંટે દરદના આંકડા પણ ભૂંસે કોણ?
આછું કરવા સ્હેજ, છે એક શબ્દની શક્તિ, ગઝલ.
થાય લય,સંગીત,સૂરોનો સમન્વય શબ્દથી ;
તે પછી "શ્વેતા" સરસ ગૂંજે કળા યુક્તિ ગઝલ.
છે સ્વમાની,ગૂંગળાશે પણ નહીં આવે એ બ્હાર;
એકલા રડતા મળ્યા છે શબ્દ ચિત્કાર્યા વગર.
પોચી ને નાજુક પણ ઉપર , ઘાતક ભરેલું વિષ તો?
એ જીભના શબ્દો કરડવાની છે પૂરી શક્યતા.
લીસા પીંછાથી ગલગલિયા કરે ને ગાલ હસતો જાય;
સહજ એવી જ શબ્દોમાંય હું નરમાશ શોધું છું.
હસ્યાં,નાચ્યાં એ મહેંક્યાં ગાઈને ઝૂમ્યાં છે સહવાસે;
પ્રફુલ્લિત સાથ શબ્દોને મળ્યો, ગાણું બન્યું છે ક્યાંક.
છે સન્નાટો છતાં શાંતિ તો ખડખડ દ્વાર ખખડાવે;
સદા નિઃશબ્દતાએ મૌનથી તાપી છે ખામોશી.
વાગ્યા પછી રુઝાય નહિ સૌનો અનુભવ એ જ છે;
શબ્દો મલમ ને શસ્ત્ર પણ સૌ લોકનો રવ એ જ છે.
સ્ત્રી, બાળકીઓ ભોગ અત્યાચારનો થઈ તેનું શું?
નિઃશબ્દતાની તેની ક્ષણક્ષણમાં વસે સંવેદના.

શ્વેતા તલાટી

---

## NOG SS No :..73

પ્રકાર.. ગદ્ય.પિરામિડ
વિષય..શબ્દો સહિત્યની યાત્રા
શીર્ષક..શબ્દો..

પિરામિડ કાવ્ય.

હું
તારી
બનીશ
શબ્દ સાથી
તું ભલે મૌન
મારા શબ્દો સ્પર્શે
તારા અંતઃ મનને
એથી વધારે શું હોય!

નયના પટેલ..નૈન.

---

## NOG SS No : 0092 (પ્રથમ રચના)

પ્રકારઃ-પદ્ય
શીર્ષકઃ- શબ્દ સોય કે કાતર?

'મને-તને જોડવા,
ભાષા એ દીધા શબ્દ.
શું થયું એવું કે આજે,
બેય છીએ નિઃશબ્દ!
પહેલા તો શબ્દોને સાંકરની ચાસણીમાં બોળી ને પીરસતા'તા. જરાક સામીપ્ય શું વધ્યું કે ખારાશમાં ભીંજાયાએ શબ્દ! શબ્દ તો મલમ જેવા છે પણ, કહેવાની રીત તારી ખોટી.
મલમને બદલે ઘા કરી જાય છે તારા શબ્દ.
શબ્દ તો ભાષાનું અમોઘ વરદાન,
જે સંવાદને પુષ્ટ કરે સાચે.
સ્વર તારો જડતાથી એને વાપરે ને,
કલહનું કારણ બની જાય છે શબ્દ.
તારા સ્વરના અનિચ્છનીય ઉતાર-ચઢાવથી શબ્દો એનું માધુર્ય ખોઈ બેસે છે ને,
બદનામ થાય છે બિચારા શબ્દ!
કટાક્ષ,વ્યંગ કે આડકતરી રીતે કહેવાનું છોડ હવે,
સાચા વ્યક્તિત્વનો શણગાર છે શબ્દ.
શબ્દો, ભાવનાને સહજતાથી પ્રગટ કરે છે,
બસ એ કળા સાધ્ય કરી લે તો વશમાં છે તારા શબ્દ.શબ્દ એક અર્થ અનેક, એ સત્ય પણ સમજી લે. ક્યાં, કયો વાપરવો એ જો સમજી જાય તો જાદુગર છે શબ્દ. શબ્દોની તાકાત સમજી, સામાજિક પ્રાણી હોવાનું પુરવાર કર. નહીં તો
એકાંતવાસમાં હંમેશા માટે માણસને મોકલી દે છે આ શબ્દ. શબ્દની શક્તિને ઓછી ના આંકીશ,
રચી દે છે એ મહાભારત.
તો ક્યાંક ગીતાના જ્ઞાન દ્વારા પૂજાય છે શબ્દ.

અલકા મહેતા,ગાંધીનગર

# ખાડાનું અધ્યાત્મ

ભારત આધ્યાત્મિક દેશ છે. કમ સે કમ પશ્ચિમી દેશોમાં ઘણા લોકો એવું માને છે. પશ્ચિમવાળા ટીકા ન કરે ત્યાં સુધી, તે લોકો આપણા વિશે જે કંઈ માને તે આપણને બહુ ગમતું હોય છે. કેટલાક લોકો માને છે કે ભારતમાં અધ્યાત્મ—એટલે કે તેનું બજાર—ખાડે ગયું છે. પરંતુ ખાડા અધ્યાત્મે ગયા છે કે નહીં? તે પણ ચર્ચવા જેવું છે. તેના માટે પાયાનો સવાલ એ છે કે આધ્યાત્મિક એટલે શું?

ભારતીય અધ્યાત્મના જેટલા શેડ છે, એટલા તો કોઈ રંગની કંપનીના શેડકાર્ડમાં પણ નહીં હોય. તેમાંથી કયા શેડનું અધ્યાત્મ સાચું? આ સવાલના જવાબથી અધ્યાત્મની શરૂઆત થાય છે. કારણ કે ખરો આધ્યાત્મિક જણ કહેશે, 'કયું સાચું ને કયું ખોટું, એ નક્કી કરનારો હું કોણ? જેને જે સાચું લાગે તે સાચું.' આવા ઉચ્ચ વલણને કારણે, નામીચા બદમાશ અને ગુંડા પુરવાર થઈ ચૂકેલા કથિત ધાર્મિક-આધ્યાત્મિક નેતાઓનો પણ વિશાળ અનુયાયી વર્ગ હોય છે.

કેટલાક ઉત્સાહીઓ પોતપોતાના ધર્મ વિશે કહેતા ફરે છે, 'અમારો ધર્મ એ કંઈ નકરો ધર્મ નથી. એ તો જીવન જીવવાની રીત છે.' મતલબ, ધર્મ અને અધ્યાત્મ જીવનની દરેક બાબતમાં લાગુ પાડી શકાય—અને જો એમ જ હોય તો પછી રસ્તા પર પડતા ખાડાની ચર્ચામાં પણ તેને કેમ ન સાંકળી શકાય? અધ્યાત્મમાં કહ્યું છે કે કોઈ પણ કર્મ થાય, એ સાથે જ તેનું કર્મફળ પેદા થાય છે. એ રીતે જોતાં, ખાડાને રસ્તાનું કર્મફળ ગણી શકાય. જેમ જન્મ એ મૃત્યુનું કારણ છે, તેમ નવા રોડ બનવા એ ખાડા પડવાનું મૂળ કારણ છે. પાકો રસ્તો જ ન હોત અને આખો રસ્તો ખાડાખૈયાવાળો હોત, તો 'ખાડો પડ્યો' એવું કોણ કહી શકત? એવા સંજોગોમાં રસ્તા પરનો ખાડો પણ બ્રહ્મની જેમ અનાદિ અને અનંત ગણાત—અનાદિ કાળથી પડેલો અને અનંત કાળ સુધી રહેનારો. તેમાં કશો ફેરફાર કરવો—એટલે કે પાકો રસ્તો બનાવવો—એ સૃષ્ટિના ક્રમમાં, અથવા ચિંતનખોરો કહે છે તેમ કૉસ્મિક લયમાં, ભંગ પાડવા જેવું ગણાત.

સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારે કંઈ ડામરના કે આરસીસીના રસ્તા હતા? કદી સાંભળ્યું કે તોફાને ચડેલાં ડાયનોસોરોએ દોઢ-બે કિલોમીટરનો પાકો રસ્તો તેમનાં શીંગડાં-ભીંગડાંથી તહસનહસ નાખ્યો? ક્યારેય એવું વાંચવામાં આવ્યું કે પૃથ્વી પર એક લઘુગ્રહ ખાબકતાં દસ કિલોમીટરના વ્યાસમાં આવેલા બધા પાકા રોડ ખાડામાં ફેરવાઈ ગયા? પૃથ્વીનું સૌથી પ્રાકૃત કહો કે પ્રાકૃતિક, તે સ્વરૂપ ખાડાવાળું છે. રસ્તા તો 'સુધારા'નું પરિણામ છે અને રસ્તા પર પડેલા ખાડા વિશે ફરિયાદ કરવી, એ દુષ્ટ સુધારાવાળાઓનું લક્ષણ છે. આવું ભદ્રંભદ્રે પહેલાં ભલે ન કહ્યું, પણ તે અત્યારે વિદ્યમાન હોત તો જરૂર કહેત.

ખાણીપીણીથી માંડીને સૌંદર્યલક્ષી ચીજવસ્તુઓની બાબતમાં ઘણા લોકો 'ઑર્ગેનિક'નો આગ્રહ રાખતા હોય છે, એટલે કે, જેમાં કશી અકુદરતી-રાસાયણિક પદાર્થોની ભેળસેળ ન હોય. એ દૃષ્ટિએ જોતાં, થોડું સાહસ એકઠું કરીને કહી શકાય કે ખાડા એ રસ્તાનું ઑર્ગેનિક સ્વરૂપ છે. ઑર્ગેનિક ચીજવસ્તુઓના પ્રેમીઓને આ વાત સૈદ્ધાંતિક રીતે તરત સમજાઈ જશે. જોકે, સિદ્ધાંત સમજ્યા પછી પણ, તેનો જાહેરમાં ખુલ્લા મને સ્વીકાર કરવો-રસ્તાની 'ઑર્ગેનિક અવસ્થા' વિશે ફરિયાદ-તકરાર ન કરવી, એ સાવ અલગ બાબત છે. તેના માટે ઉપદેશ અને આચરણ વચ્ચેની એકરૂપતા જેવા, કહેવાતી આધ્યાત્મિક પરંપરામાંથી લગભગ ગાયબ એવા ગુણની જરૂર પડે. તે ગુણની ગેરહાજરીને કારણે દેશની સરેરાશ જનતા અધ્યાત્મવાદી હોવા છતાં અને સંભવતઃ રસ્તા પરના ખાડાનો આધ્યાત્મિક, પૌરાણિક મહિમા સમજતી હોવા છતાં, તેમના વિશે કકળાટ કરી શકે છે. જેમ જેમ માણસની ભૂમિકા ઉચ્ચ થતી જાય અને તે 'ભક્ત', 'પરમ ભક્ત' જેવાં પગથિયાં ચડતો જાય, તેમ તેને રસ્તાના ખાડામાં આધ્યાત્મિક સંદેશ અને 'બૅક ટુ નેચર—કુદરત ભણી પાછા વળો'નું આહ્વાન દેખાતું થાય છે. ત્યાર પછી તે ખાડાને તિરસ્કારથી નહીં, કુદરતની લીલા અને પૃથ્વીના આદિ સ્વરૂપ તરીકે જોવાનું શરૂ કરે છે.

કેટલાક અસંતુષ્ટો એવી ફરિયાદ કરે છે કે સરકાર રોડનું બરાબર ધ્યાન રાખતી નથી. બધા જાણે છે કે આ વાત સદંતર ખોટી છે. હકીકતમાં દર વર્ષે સરકારો એકથી વધારે વાર રસ્તા પરના ખાડાનાં સમારકામના લાખો-કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટ કાઢે છે અને દર વર્ષે નિયમિત રીતે ખાડા પુરાવે છે. 'સરકાર દર વર્ષે રસ્તાનો જીર્ણોદ્ધાર કરાવે છે કે ખાડાનો?' એવો સવાલ પણ કંઈક ભાળી ગયેલા જીવોને થઈ શકે છે.

પરંતુ સરકારની આધ્યાત્મિક વૃત્તિ સતેજ છે અને નાગરિકોની આધ્યાત્મિક વૃત્તિની ચિંતા પણ તેના હૈયે વસેલી હોય છે. એટલે ખાડા જેવી આધ્યાત્મિક ઘટનાથી નાગરિકોને વંચિત રાખવાનું પાપ તે વહોરતી નથી. તેના બદલામાં ખાડા પુરવાના અને તેમની ઉપર નવા રસ્તાનું આવરણ કરાવવાના કામમાં કરોડો રૂપિયા ખર્ચવાનું અને લોકનિંદા વેઠવાનું તેને મંજૂર છે. આ કામ કરાવતી વખતે ખર્ચાયેલા રૂપિયાના અભિમાનમાં સરકારો ખાડાની મહત્તા અવગણતી નથી અને એટલી સાવધાની રાખે છે કે બે-ચાર વરસાદી ઝાપટાંમાં ખાડાખૈયાવાળા રોડ પર બનાવેલું નવું આવરણ ઉખડી જાય અને રસ્તો ફરી તેના અસલ, ઑર્ગેનિક સ્વરૂપે આવી જાય એટલે કે તેની પર ઠેરઠેર ઠેકઠેકાણે ખાડા ખીલી ઉઠે.

ઉર્વીશ કોઠારી

# ગુજરાતમાં ગૌચર જમીન ઉપર ભૂમાફિયાઓએ દબાણ કર્યુ

ગાંધીનગર ,તા.૨૮

ગુજરાતમાં પશુઓની વસતિ સામે લઘુતમ જરૂરિયાત કરતાં ઓછું ગૌચર છે છતાં જુદા જુદા હેતુસર જમીન ફાળવણીના કારણો પૂછાતાં સરકારે એવો જવાબ આપ્યો છે કે, ગૌચર જમીન ફાળવણીના વિકલ્પ રૂપે અન્ય સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવામાં આવે છે અને એ રતી હયાત ગૌચરની જાળવણી કરવામાં આવે છે એટલે કે જોગવાઈઓ અનુસાર ગૌચર જમીન ફાળવવામાં આવી છે, આવા કિસ્સામાં કોઈ અધિકારી સામે પગલાં ભરવાનો પ્રશ્ન ઊભો ઔથતો નથી.ગુજરાતમાં ૩,૭૭૭.૩૮ હેક્ટર ગૌચરની જમીન ઉપર ગેરકાયદે દબાણ આચરવામાં આવ્યું છે, જે પૈકી છેલ્લાં પાંચ વર્ષમાં ૨૨૭૨.૬૭ હેક્ટર ગૌચર ખુલ્લી કરવામાં આવી હોવાનો સરકારે ગુજરાત વિધાનસભા ગૃહમાં સોમવારે જવાબ રજૂ કર્યો છે. આ ઉપરાંત એપ્રિલ ૨૦૧૫થી ઓગસ્ટ ૨૦૧૯ સુધીમાં ૪,૭૨૮ ગૌચર જમીન પરના દબાણ દૂર કરવામાં આવ્યા છે. આમ ૧૫૦૦થી વધુ હેક્ટર જમીન પર હજુ દબાણો છે. રાજ્યમાં પંચાયતોની જમીન ઉપર પણ ગેરકાયદે દબાણ આચરવામાં આવ્યું છે. અન્ય એક સવાલના જવાબમાં સરકારે વિધાનસભા ગૃહમાં જણાવ્યું છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં ગૌચર જમીન પર ગેરકાયદે બાંધકામ કરાયાની ૮૪૦ ફરિયાદો મળી છે, જે પૈકી માંડ ૬૩ ફરિયાદોનો નિકાલ કરાયો છે. ગુજરાતમાં કચ્છ જિલ્લામાં ૪૮૬.૪૬ હેક્ટર ગૌચર જમીન ઉપર ગેરકાયદે દબાણ આચરવામાં આવ્યું હતું, એ જ રીતે ભાવનગર જિલ્લામાં ૪૫૦.૧૮ હેક્ટર, ગીર સોમનાથ જિલ્લામાં ૪૧૯.૨૮ હેક્ટર ગૌચર ઉપર દબાણ કરવામાં આવ્યું છે. મહેસાણા જિલ્લામાં ૨૮૫.૪૯ હેક્ટર, અમદાવાદ જિલ્લામાં ૨૩૧.૭૪ હેક્ટર, બોટાદમાં ૧૨૧.૧૫ હેક્ટર, જૂનાગઢમાં ૨૬૦.૫૬ હેક્ટર ગૌચરમાં દબાણ કરવામાં આવ્યું હતું.

# સુપ્રીમ કોર્ટના કૌટુંબિક વિખવાદનો ઉકેલ લાવતા નામદાર ન્યાયમૂર્તિ સાહેબની અમૂલ્ય અને ઉપયોગી સલાહ

૧. ક્યારેય તમારા પુત્ર અને પુત્રવધૂ ને તમારી સાથે રાખવા ઉત્સુક ન બનો. તેમને પોતાની રીતે પોતાનું ઘર લઈ જુદા રહેવા સમજાવો. એમ કરવાથી પુત્ર સાથે અને તેના સાસરિયા સાથે સારા સંબંધો રહે છે અને પુત્ર ને પોતાનું ઘર પોતે જ બનાવવાની જવાબદારી પણ છે તે હકીકત નું ભાન થાય છે.

૨. તમારી પુત્રવધૂ ને પુત્રવધૂ જ માનો દીકરી નહી.

તેને તમારી મિત્ર માનો. તમે તમારા પુત્ર ને જે રીતે ગણો છો એ રીતે પુત્રવધૂ ને ન ગણી શકાય, કારણ કે તમે ક્યારેક જો કોઈ વાતે વઢશો કે ઠપકો આપશો તો એ જીંદગીમાં ક્યારેય નહી ભુલે, કારણ કે તે એવું માનતી હોય છે કે તેને સુધારવાનો કે વઢવાનો હક તેની મા નો છે તમારો નહી.

૩. તમારો પુત્ર હવે પરણેલો અને વયસ્ક છે અને પોતાનું સારું-નરસુ સમજે છે એટલે તેની પત્નીના ચારિત્ર્ય ની અને તેની આદતો ને જોવાની જવાબદારી તેની છે, તમારી નહી.

૪. જ્યારે તમે સાથે રહેતા હો ત્યારે પણ એકબીજાની જવાબદારી ફોડ પાડી સમજાવી દેવી. જ્યાં સુધી તમને તમારી પુત્રવધૂ પ્રેમથી વિનંતી ન કરે ત્યાં સુધી રોજીંદા જીવનમાં તેમના છોકરા સાચવવા કે કપડાં ધોવાથી લઈને કોઈ કામ જો તમારાથી થઈ શકે તેમ હોય તોજ તે કરવાની જવાબદારી લેવી અને કામ કરી આપ્યા પછી કોઈ પણ પ્રકારની આશા રાખવી જોઈએ નહી.

૫. જ્યારે પતિ પત્ની વચ્ચે બોલાચાલી કે ઝઘડાઓ થયા હોય તે બાબતે તમારે બહેરા અને મુંગા થઈ જવું. આજકાલના પુત્ર અને પુત્રવધૂ ને તેમની અંગત બાબતમાં કોઈનો ચંચુપાત ગમતો નથી. આ તેમનો અંગત મામલો છે અને તેનો ઉકેલ તેમને જ લાવવા દો અને આ ઉમરે આવું થતું જ હોય છે તેમ માનો.

૬. તેમના સંતાનો એ તેમના જ છે અને તેમને કેમ ઉછેરવા તે અને સારા સંસ્કાર આપવાની અને કેમ ભણાવવા તે સૌ જવાબદારી તેમની જ છે તમારી હરગીઝ નથી તે ખાસ સમજો.

૭. તમારી પુત્રવધૂ તમારી લાગણી સમજે, તમારી વાત માને કે તમારી સેવા કરે એ જવાબદારી તમારા પુત્રની છે પુત્રવધૂની નહી તે ખાસ ધ્યાનમાં રાખો. તમે તમારા પુત્રને કેવી રીતે ઉછેર્યો છે અને કેવા સંસ્કાર આપ્યા છે તેના ઉપર બધું નિર્ભર છે.

૮. તમારી નિવૃત્તિનું પ્લાનિંગ તમારી રીતે તમારે જ કરવાનું હોય છે. તેમાં પુત્ર મદદરૂપ થાય તો સારી વાત છે પણ તમારે તેની આશા રાખવી નહી. તમારી અડધી કરતાં વધુ જીંદગી પસાર થઈ ગઈ છે અને હજુ ઘણું જીવવાનું છે, જોવાનું છે, જાણવાનું છે, માણવાનું છે તેમ સમજી નિવૃત્તિનું પ્લાનિંગ કરવું.

૯. તમારી નિવૃત્તિ કેવી અને કેટલી સુંદર રીતે માણવી એ ફક્ત તમારા ઉપર નિર્ભર છે. જે અને જેટલી શક્ય હોય તે બધી જ મજા કરો અને બને તો તમારી બધી જ બચત બધી જ સંપત્તિ જીવતાજીવત જે યોગ્ય લાગે તે મોજ મજામાં વાપરી નાખો જેથી ભરપૂર જીંદગી જીવ્યા નો સંતોષ થાય.

૧૦. તમારા Grand Children તમારા પુત્ર એ તમારા કુટુંબ ને આપેલી સોગાદ છે એમ માનો. આ છે ભરપૂર જલસા સાથે ભરપુર જીંદગી જીવવાની જડીબુટ્ટી.

# BSF દ્વારા આયોજિત 'સાયક્લોથોનનું અમદાવાદથી દાંડી તરફ પ્રસ્થાન

૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ સવારે ૭-૩૦ કલાકે જમ્મુથી દાંડી સુધી ૧૯૯૩ કિલોમીટર લાંબી બીએસફ સાયકલોથોનનું શ્રી જી.એસ.મલિકે (ભા.પુ. સે.,મહાનિરીક્ષક, ગુજરાત ફ્રંટિયર) અને અધિકારીઓ તેમજ જવાનોની ઉપસ્થિતમાં અમદાવાદ સાબરમતી રિવરફ્રંટથી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સાયકલ રેલી ૪૪મા દિવસે, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ લગભગ ૧૭૨૦ કિલોમીટરનું અંતર કાપી અમદાવાદ પહોંચી હતી. જેમાં બીએસએફના ૧૦૦ સાયક્લોથોનિસ્ટ સામેલ છે.

આ સાયક્લોથોનનું ૧૫ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ જમ્મુથી દાંડી તરફ પ્રસ્થાન કરાવાવમાં આવ્યું હતું. ૧૯૯૩ કિલોમીટરનું અંતર કાપી સાયક્લોથોન ૨ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની કર્મભૂમિ દાંડી પહોંચશે. બીએસએફએ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આ આયોજન હાથ ધર્યું છે.

આ મહોત્સવ ભારતની વિકાસયાત્રામાં યોગદાન આપનારાને સમર્પિત છે. ૪૯ દિવસ સુધી ચાલનારી આ સાયક્લોતોન બીએસએફ અને રાષ્ટ્રનિર્માણમાં સર્વસ્વ ન્યોછાવર કરનારા દેશવાસીઓને સમર્પિત છે.

## ઘણી વૈશ્વિક સમસ્યાઓ જૈન જીવનશૈલી દ્વારા ઉકેલી શકાય છે : શ્રી શ્રી રવિશંકર

# આર્ટ ઓફ લિવિંગ બેંગ્લોર કેન્દ્ર ખાતે આચાર્ય લોકેશજીની ષષ્ઠીપૂર્તિ પર ભવ્ય કાર્યક્રમ યોજાયો




## વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ માટે ધાર્મિક નેતાઓ અને સામાજિક સંસ્થાઓએ આગળ આવવું જોઈએ : આચાર્ય લોકેશ

કર્ણાટકના રાજયપાલ થાવરચંદ ગહલોતે ગુરુદેવ શ્રી શ્રી રવિની ઉપસ્થિતિમાં અહિંસા વિશ્વ ભારતી સંસ્થાના સ્થાપક આચાર્ય ડૉ. લોકેશજીએ આર્ટ ઓફ લિવિંગ ઈન્ટરનેશનલ સેન્ટર, બેંગલોર ખાતે ×ષષ્ઠીપૂર્ણ વર્ષ×અને સંસ્થાનો ૧૬ મો સ્થાપના દિવસે "વૈશ્વિક પડકારો અને આપણી જવાબદારી×જેવા મહત્વના વિષય પર રાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કર્યું હતું. રાજયપાલ થાવરચંદ ગહલોતે આ પ્રસંગે આચાર્યશ્રીને શુભેચ્છા અને શુભકામનાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે, છેલ્લા ૩૮ વર્ષથી આચાર્યશ્રી રાષ્ટ્રીય ચરિત્ર નિર્માણ, માનવ મૂલ્યોના ઉત્થાન અને વિશ્વમાં અહિંસા, શાંતિ, સદ્ભાવના સ્થાપના માટે સતત પ્રયત્નશીલ છે.રાજયપાલ થાવરચંદ ગહલોતે વધુમાં જણાવ્યું હતું કે હાલમાં વિશ્વમાં ત્રણ મુખ્ય સમસ્યાઓ છે - ગ્લોબલ વોર્મિંગ-આબોહવા પરિવર્તન, હિંસા અને આતંકવાદ, વંચિતતા અને અસમાનતા. ગ્લોબલ વોર્મિંગ-પર્યાવરણીય પ્રદૂષણના નિવારણ માટે જનતાએ જાગૃત રહેવું ખૂબ જ જરૂરી છે.સંયમ આધારિત જીવનશૈલી તેમાં મોટો ફાળો આપી શકે છે. તેવી જ રીતે, હિંસા અને આતંકવાદના નિવારણ માટે, જન ચેતનાને જાગૃત કરવી જરૂરી છે. હિંસા અને આતંક કોઈ સમસ્યાનો ઉકેલ નથી, હિંસા હિંસાને ઉત્પન્ન કરે છે, દરેક સમસ્યા સંવાદ દ્વારા ઉકેલી શકાય છે.

દરેક નાગરિકે પોતાના વિચારો અને લાગણીઓની જેમ અન્યના મંતવ્યોનો આદર કરવો જોઈએ.આ પ્રસંગે, માનનીય રાજયપાલ થાવરચંદ્ર ગહલોતે પ્રસ્તાવિત વિશ્વ શાંતિ કેન્દ્રના પરિચય પુસ્તકની પ્રથમ નકલનું વિમોચન કર્યું.આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકરે આચાર્ય લોકેશજીને સફળ જીવનના ૬૦ વર્ષ પૂરા થવા અને અહિંસા વિશ્વ ભારતી સંસ્થાના ૧૬મા સ્થાપના દિવસે અભિનંદન આપતાં જણાવ્યું હતું કે જૈન દર્શન અને જીવનશૈલી ઘણી વૈશ્વિક સમસ્યાઓનું નિરાકરણ કરે છે.આચાર્ય લોકેશજીએ ભગવાન મહાવીરના તે સિદ્ધાંતો અને ભારતીય સંસ્કૃતિને વિશ્વમાં ફેલાવવાનું નોંધપાત્ર કાર્ય કર્યું છે. હું ઘણા વર્ષોથી જોઉં છું કે તે સમાજમાં અહિંસા, શાંતિ, સંવાદિતા, ભાઈચારા માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્ય ડો.લોકેશજીએ પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે હિંસા, આતંકવાદ, પર્યાવરણીય પ્રદૂષણ, ગરીબી, વંચિતતા, અસમાનતા, ભૂખ એક મોટી વૈશ્વિક સમસ્યા છે, આ સમસ્યાઓને દૂર કરવા માટે ભગવાન મહાવીરના વિચારો ખૂબ જ સુસંગત છે. ભગવાન મહાવીરના અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતનાં સિદ્ધાંતમાં ઉપાય હાજર છે. આપણી ભારતીય સંસ્કૃતિ હંમેશા સંતુલનની વાત કરે છે, માત્ર સંતુલન જ સ્વસ્થ સમાજનું બંધારણ છે. તેમણે વધુમાં કહ્યું કે, પદાર્થ મર્યાદિત છે, તેઓ મર્યાદિત પદાર્થો સાથે અમર્યાદિત ઈચ્છાઓ પૂરી કરી શકતા નથી, પ્રકૃતિના આ મર્યાદિત પદાર્થોને બચાવવા માટે, આપણે દેશ અને વિશ્વમાં જાગૃતિ અભિયાન ચલાવવાની જરૂર છે જેથી પર્યાવરણ સુરક્ષિત રહે. સાથે જ તેમણે કહ્યું કે વૈચારિક પ્રદૂષણ પર્યાવરણીય પ્રદૂષણ કરતાં વધુ ખતરનાક છે, તેથી બહારની ગંદકી સાફ કરવાની સાથે સાથે આપણી અંદર પ્રદૂષણની નફરત, ધિક્કાર, હિંસાની લાગણીને પણ દૂર કરવી જરૂરી છે. ઉપરાંત, આચાર્યશ્રીએ ધાર્મિક નેતાઓ અને સામાજિક સંસ્થાઓને આગળ આવવા અને વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ માટે સાથે મળીને કામ કરવા હાકલ કરી હતી.



મિશન મિલિયન ટ્રી અંતર્ગત મિયાવાકી પદ્ધતિથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વ ઝોનના ઓઢવ વૉર્ડમાં ગાયત્રી ગાર્ડન, ઓઢવ ખાતે એક સાથે ૧૦૦૦૦ વૃક્ષો રોપવાનો કાર્યક્રમ હાથ ધરાયો હતો. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષશ્રી સી આર પાટીલ સાહેબ, કર્ણાવતીના મેયરશ્રી કિરીટભાઈ પરમાર, કર્ણાવતીના અધ્યક્ષશ્રી અમિત પી શાહ, પ્રદેશ કોષાધ્યક્ષ અને મહાનગર પ્રભારીશ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, સાંસદશ્રી હસમુખભાઈ પટેલ,પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી ડો યજ્ઞેશ દવે, કોર્પોરેશનની ટીમ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે અનુસુચિત જાતિ મોરચાની પ્રદેશ કારોબારી બેઠક યોજાઇ



આજ રોજ તારીખ ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે અનુસુચિત જાતિ મોરચાની પ્રદેશ કારોબારી બેઠક યોજાઇ હતી. આ બેઠક અનુસુચિચ જાતી મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડો.પ્રદ્યુમનભાઇ વાજાની અધ્યક્ષતામાં અને ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાઇ હતી. અનુ.જાતિ મોરચાની કારોબારી બેઠકમાં કોરોના કાળમાં મૃત્યુ પામેલ ભાજપના કાર્યકર,હોદેદારો માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.બેઠકમાં શ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે અનુ.જાતિ મોરચાની વેબસાઇટ લોન્ચ કરવામાં આવી હતી. આ કારોબારી બેઠકમાં મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલસિંહ આર્યજી, પુર્વ સાંસદ અને મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી શુભુંનાથ તુંડીયા, અનુસુચિત જાતી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી સંજય નિર્મલજી, અનુસુચિત જાતી મોરચાના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ અને ગુજરાત પ્રભારીશ્રી સુરજ કેરોજી, ગુજરાત રાજયના પ્રદેશ સહ પ્રભારી શ્રી ર્ડા પ્રેમચંદ બૈરવા, પ્રદેશના સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, પ્રદેશના મહામંત્રીશ્રીઓ શ્રી વિનોદભાઇ ચાવડા અને શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, અનુસુચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડો.પ્રદ્યુમનભાઇ વાજા,ગુજરાત મોરચાના પ્રભારીશ્રી ઝવેરીભાઇ ઠકરાર,અનુ.જાતિ મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી વિક્રમભાઇ ચૌહાણ અને શ્રી ગૌતમભાઇ ગેડીયા સહિત મોરચાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જીટીયુ અને રાજ્ય યોગ બોર્ડ વચ્ચે યોગના પ્રચાર - પ્રસાર સંદર્ભે એમઓયુ કરવામાં આવ્યા



યોગ એ ભારત તરફથી વિશ્વને મળેલી અમૂલ્ય ભેટ છે. જીટીયુ અને રાજ્ય યોગ બોર્ડના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજવામાં આવશે :ડૉ. નવીન શેઠ

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી( જીટીયુ ) ટેક્નિકલ શિક્ષણની સાથે- સાથે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય, તે માટે સતત કાર્યરત હોય છે. તાજેતરમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી અને રાજ્ય યોગ બોર્ડ વચ્ચે યોગના પ્રચાર અને પ્રસાર અર્થે એમઓયુ કરવામાં આવ્યા હતાં.

આ સંદર્ભે જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતું કે, યોગ એ ભારત તરફથી વિશ્વને મળેલી અમૂલ્ય ભેટ છે. જીટીયુ અને રાજ્ય યોગ બોર્ડના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજવામાં આવશે. આ એમઓયુ પર જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રમુખ યોગસેવક શ્રી શીશપાલ રાજપૂત દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતાં.

ભારતીય સંસ્કૃત્તિમાં યોગનું મહત્વ વિશેષ પ્રમાણમાં રહેલું છે. જેનાથી દરેક વ્યક્તિ શારીરિક તેમજ માનસિક રીતે પણ સ્વસ્થ રહી શકે છે.

કોરોના જેવી મહામારીના સંક્રમણનો ફેલાવો અટકાવવા માટે યોગ એક શ્રેષ્ઠ ઉપાય છે. યોગ સંબધીત વિવિધ તાલીમ વર્ગોનું આયોજન , શોર્ટ ટર્મ સર્ટીફિકેટ્સ કોર્સ અને યોગ સ્પર્ધાનું આયોજન વગેરે જેવા મુદ્દાઓને આ એમઓયુમાં સાંકળી લેવામાં આવ્યા છે. જે સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી અને સ્વસ્થ્ય ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન પૂરું પાડશે.

# અરવલ્લી જીલ્લા સમાહર્તાની અધ્યક્ષતામાં "Good Governanace" ની બેઠક યોજાઈ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગત તારીખ ૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ મુખ્ય સચિવશ્રી દ્વારા અરવલ્લી જીલ્લાના જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા તેમજ અન્ય અધિકારીશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજવામાં આવી હતી. જેમાં સરકારશ્રીના વિવિધ વિભાગોની લોક કલ્યાણકારી યોજનાઓ પરત્વે અગ્રેસર રીતે "Good Governanace" થકી લોકાભિમુખ વહીવટ બાબતે "District Plan" તૈયાર કરવા સુચન કરાયું હતું.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લા કલેકટર કચેરી ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમારની અધ્યક્ષતામાં તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટીયાની ઉપસ્થિતમાં "Good Governanace" ની બેઠક યોજાઈ.

જેમાં જીલ્લાની લોક કલ્યાણકારી વહીવટ પરત્વે સતતપણે આયોજન, અમલીકરણ, અસરકારક નિરીક્ષણ તેમજ ટેકનોલોજીના માધ્યમથી લોકોની સુવિધામાં વધારો થાય અને વહીવટી સેવાઓનું સરલીકરણ થાય તે સારૂ જીલ્લાના કાર્યક્ષેત્ર હેઠળની કામગીરી સંદર્ભે હાલમાં કાર્ય કરવાની પધ્ધતિમાં સુધારણાનો અવકાશ, સુધારણા થકી વહીવટી સેવાઓના સરલીકરણ અને સુચનો સહિત યોજના/સેવાઓનું ટૂંકું પ્રેઝન્ટેશન(PPT) મારફતે જીલ્લામાં કરેલા જુદા-જુદા કામોની વિગતોની ચર્ચા તથા દરેક અધિકારીશ્રીઓ દ્વારા કરેલ કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

આ બેઠકમાં જીલ્લા સમાહર્તાએ જણાવ્યું કે, દરેક તાલુકામાં થયેલ કામગીરીની વિગતો ઓનલાઈન થાય, કોઈપણ વિભાગમાં અરજદાર અરજી કરે તેની સીધી જ અરજી ઓનલાઈન જોઈ શકાય, તેમજ પ્રજાને કોઈપણ પ્રકારની મુશ્કેલી ના પડે તેવી સિસ્ટમ સક્રિય કરવી, અરજદારને વારવાર કચેરીઓએ જવું ન પડે તેવી વ્યવસ્થા ઉભી કરવા તેમજ જે વિભાગની કરેલ કામગીરી આવેલ નથી તેમણે ઝડપથી મોકલી આપવા જીલ્લાના તમામ અધિકારીશ્રીઓને સૂચન કર્યુ હતું.

આ બેઠકમાં અરવલ્લી જીલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, બાયડ પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, પ્રાયોજના વહીવટદાર અધિકારીશ્રી મુનિયા, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી દાવેરા, ડી.વાય એસ.પી.શ્રી, જીલ્લા પુરવઠા અધિકારીશ્રી ડોડીયા, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, યુ.જી.વી.સી.એલના અધિકારીશ્રી, તેમજ જીલ્લાના અન્ય વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રૂરલ પોલીસે પરિવારજનોનો સંપર્ક કરી મોકલી આપ્યો

# સુરત મજૂરી કામે આવેલ પરપ્રાંતીય સગીર બાળકને ટ્રક ચાલકે મોડાસા નજીક ઉતારી દીધો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર કાયદો અને વ્યવસ્થાની સ્થીતી જાળવવાની સાથે માનવીય અભીગમ દાખવી રહી છે મોડાસા શહેરના મેઘરજ બાયપાસ રોડ પર ઉત્તર પ્રદેશ ટ્રકમાં વતન જવા નીકળેલ સગીરને ટ્રક ચાલક ઉતારીને જતો રહેતા સગીર બાળક હોફળો-ફોફળો બનતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા નાઈટ પેટ્રોલીગમાં રહેલી મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી સગીર બાળકની પૂછપરછ કરતા બાળક ઉત્તર પ્રદેશનો હોવાનું જણાવતા પોલીસે યુપીની સ્થાનીક પોલીસનો સંપર્ક કરી સગીરને ઉત્તર પ્રદેશ મોકલી આપવા તજવીજ હાથધરી હતી સગીર બાળકને રામદેવ આશ્રમના મહંત દીપક રામદેવપુત્ર આશરો આપી હૂંફ આપી હતી

મોડાસા રૂરલ પીઆઈ મુકેશ તોમર અને તેમની ટીમે ઉત્તરપ્રદેશના બનારસ નજીકના ભૂલા પડેલ સગીરને પરિવારજનો સાથે મિલન માટે તજવીજ હાથધરી માનવતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું ઉત્તર પ્રદેશ ચંદૌલી જીલ્લાના શીકરોરા કલા વિસ્તારમાં રહેતો મનીષ રમેશરામ આત્મજ નામનો સગીર ચાર-પાંચ દિવસ અગાઉ સુરત મજૂરી કામે આવ્યો હતો સગીર સુરતમાં મજૂરી કામકાજ માટે ભટક્યા પછી મજૂરી ન મળતા અને તેની પાસે રહેલા રૂપિયા પણ ખર્ચ થઇ જતા સગીર વતન જવા માટે પૈસા ન હોવાથી ટ્રકમાં વતન જવા નીકળ્યો હતો ટ્રક ચાલકે અગમ્ય કારણોસર સોમવારે રાત્રે મોડાસાના મેઘરજ બાયપાસ રોડ પર આવેલ એક હોટલ પાછળ ઉતારી દેતા સગીર બેબાકળો બન્યો હતો નજીક ચાની કીટલી પર ઉભો રહેતા અને ભૂલો પડ્યો હોવાનું જણાવતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા . મોડાસા રૂરલ પોલીસે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મેઘરજ બાયપાસ રોડ પર લોકોના ટોળેટોળા વચ્ચે એક સગીર ઉભેલો જોવા મળતા પોલીસ સગીર પાસે પહોંચી હતી સગીરે તેની આપવીત જણાવતા રૂરલ પીઆઈ મુકેશ તોમરે સગીર બાળકનું સરનામું મેળવી ઉત્તરપ્રદેશના ચંદૌલી જીલ્લાના એસપીનો સંપર્ક કરી સ્થાનિક પોલીસ સ્ટેશનના બલુવાના પોલીસ અધિકારીને આ અંગે જાણ કરતા સ્થાનીક પોલીસે ગુમ થયેલ બાળકના પરિવારજનોનો સંપર્ક કરી બાળક સાથે વાત કરાવતા સગીરે તેના ઘરે જવા માંગતો હોવાથી બાળકને કુભેરા નજીક આવેલા રામદેવ આશ્રમના મહંત રામદેવ પુત્ર તરીકે જાણીતા દિપકભાઈ રામદેવ આશ્રમ લઇ જઈ હૂંફ આપી હતી અને ઉત્તર પ્રદેશના પરિવારજનો સાથે મિલન કરાવવા પોલીસ અને દિપક રામદેવપુત્રએ તજવીજ હાથધરી હતી



પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટે રીફોરેટેશન પ્રોજેક્ટની શરૂઆત કરી : પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટે તારંગા રીફોરેટેશન પ્રોજેક્ટની શરૂઆત કરી છે તેના અનુસંધાનમાં સંસ્થાના ૩૦ સભ્યોની ટીમ પવિત્ર યાત્રાધામ માણેકનાથ ગુફાની પાસે આવેલા પહાડોમાં ૩૦૦ થી પણ વધારે રોપાઓનું સફળ વાવેતર કર્યું હતું, તેમજ એક હજાર કરતાં પણ વધારે ભિન્ન ભિન્ન બોરડીઓનો બીજનું પણ વાવેતર કરવામાં આવ્યું હતું. માણેકનાથ ગુફાની મુલાકાતે આવતા યાત્રાળુઓને પણ પર્યાવર્ણ બચાવો નો સંદેશો આપી શપથ લેવડાવવામાં આવ્યા હતા. જંગલ કટાઈ અને ઘરેલુ પ્રાણીઓની ચારણ પ્રક્રીયાઓના લીધે ડુંગરાઓ નાગા થતાં હોવાથી જંગલો અને ડુંગરાઓ બચાવવાના નિર્ધાર સાથે તારંગા રીફોરેસ્ટેશન પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે. આવતા શિયાળામાં રાતવાસો પ્રોગ્રામ થકી ત્રણ હજાર થી પણ વધારે ફળાઉ અને જંગલી રોપાઓ રોપવામાં આવશે એમ સંસ્થાના પ્રમુખશ્રી એહમદ પઠાને જણાવ્યુ હતું.

# છેલ્લા ૧૦ વર્ષમાં ૪૦ થી ઓછી વયજૂથના યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ ૨૦ ટકા વધ્યું છે : ડૉ. જયલ શાહ (યુ.એન.મહેતા હોસ્પિટલ)

આઈ.સી.યુ.માં જ્યારે આંખ ખૂલી ત્યારે ખબર પડી એ તો "હાર્ટ અટેક" હતોપ.હું મારા મિત્રો સાથે ફરવા ગયો હતો. તે દરમિયાન અચાનક એકાએક મારા છાતીમાં અસહ્ય દુખાવો થવા લાગ્યો. હ્દય પર દબાણ વધતું હોય તેવો અનુભવ થઇ રહ્યો હતો. સામાન્ય દુખાવા કરતા આ દુખાવો કંઇક અલગ હોય તેવી અનુભૂતિ થઇ રહી હતી. શરીરમાં શું થઇ રહ્યું છે તેનું અનુમાન લગાવવું મારા માટે મુશકેલ હતું. જેથી હું વધું ધબરાયો.મારા મિત્રો નજીકની હોસ્પિટલમાં લઇ ગયા.ત્યાં E.C.G.(Electro Cardiogram) કરાવવામાં આવ્યો. જેમાં પરિણામ ગંભીર દેખાતા તબીબોએ સિવિલ મેડિસિટીની યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલમાં જવા કહ્યું...

એમબ્યુન્સમાં બેસીને યુ.એન. મહેતા પહોંચ્યા બાદ પ્રાયમરી તપાસ કરવામાં આવી. બસ આટલું જ મને યાદ છે તેવું અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના ૨૬ વર્ષના યોગેશભાઇ પંચાલ જણાવે છે.

એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ હોય તેવી કેથલેબમાં તેમને લઇ જવામાં આવ્યા. હ્યદયની તકલીફ થયા બાદ "ગોલ્ડન અવર્સ (અટેકના એક કલાકમાં)" માં યુ.એન. મહેતા પહોંચી જવાથી ડૉ. જયલ શાહ અને તેમની ટીમ દ્વારા યોગેશની એન્જીયોપ્લાસ્ટી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી.જેમાં હ્યદયની ડાબી બાજુની આર્ટરી(Left anterior Decending-LAD)માં થયેલા ૧૦૦ ટકા બ્લોકેજને દૂર કરી તેને નિયંત્રિત કરવા સ્ટેન્ટ મૂકવામાં આવ્યું. સર્જરી બાદ સંપૂર્ણપણે સાજા થઇ ગયેલા યોગેશભાઇ પોતાના પ્રતિભાવમાં કહે છે કે, છાતીમાં અસહ્ય દુઃખાવો થતા હું ગભરાઇ ગયો હતો. મારા મિત્રો જયારે યુ.એન. મહેતા લઇ આવ્યા ત્યારે અર્ધજાગૃત અવસ્થામાં આવ્યો.સમગ્ર સારવાર થઇ ગઇ, સ્ટેન્ટ મૂકાઇ ગયુ. ત્યારબાદ આઇ.સી.યુ માં જ્યારે ભાન આવ્યું ત્યારે મને ખબર પડી કે મને હાર્ટ અટેક આવ્યો હતો.!!

યુ.એન.મહેતાના તબીબોએ મને નવજીવન આપ્યું છે. અહીં સ્ત્ન્છરૂયોજના અંતર્ગત મારી સમગ્ર સારવાર નિઃશુલ્ક થઇ છે. સમયસર મળેલી સારવારના કારણે મોટું જોખમ ટળ્યું. નાની વયે આવેલા હાર્ટ એટેકથી હું ઘણો ગભરાઈ ગયો હતો. પરંતુ આ હાર્ટસર્જરીના કારણે હું હવે મારા સ્વાસ્થય પ્રત્યે વધુ જાગૃત થયો છું. હવે દરરોજ ૨ કિ.મી. ચાલવા જાઉ છું. જેના કારણે આરોગ્યપ્રદ જીવન જીવી રહ્યો છું.

યોગેશભાઇની સર્જરી કરનારા યુ.એન. મહેતાના કાર્ડિયોલોજી પ્રોફેસર ડૉ.જયલ શાહ જણાવે છે કે, ૨૬ ની વયે હાર્ટ એટેક આવે એવું બહુ જૂજ કિસ્સામાં બને. દર્દીને છેલ્લા ઘણા વર્ષોથી વ્યસન હતુ. તેથી તેમને નાની વયે હાર્ટ એટેક આવ્યો હોવાનું અમારૂ અનુમાન છે. સર્જરી બાદ આજે તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ છે.અને અગાઉની જેમ જ પૂર્વવત જીવન વ્યતિત કરી રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.